પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૬૪, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૬-૦૩-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 164 PRICE :-RS. 1.50 DATE : 06-03-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)


PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### ભારતમાં ૨૪ કલાકમાં ૧૬,૮૩૮ નવા કેસ નોંધાયા, ૧૧૩ દર્દીઓએ ગુમાવ્યો જીવ

## દેશમાં કોરોના અનસ્ટોપેબલ: ૩૪ જિલ્લામાં ૧૦ દિવસમાં બમણી સ્પીડથી ફેલાયું સંક્રમણ



ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ જાણે ફરીથી માથું ઊચકી રહ્યું હોય એવું લાગી રહ્યું છે. આંકડાઓ પર નજર કરીએ તો દેશમાં લગભગ ૧૮૦થી વધુ જિલ્લાઓમાં કોરોના દર્દીઓની સંખ્યા મળવાની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જોકે તેમાં ૩૪ જિલ્લા એવા છે જેમાં સંક્રમણ ફેલાવાની ૧૦ દિવસમાં ઝડપ ડબલ થઈ ગઈ છે. તેમાં સૌથી વધુ મહારાષ્ટ્રના ૬ જિલ્લા, પંજાબના ૫ જિલ્લા, કેરળ અને ગુજરાતના ૪-૪ જિલ્લા તથા મધ્ય પ્રદેશના ૩ જિલ્લા સામેલ છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૮૦,૦૫,૫૦૩ લોકોને કોવિડ વેક્સીન આપવામાં આવી ચૂકી છે. બીજી તરફ, શુક્રવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૬,૮૩૮ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧૧૩ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૧૧,૭૩,૭૬૧થઈ ગઈ છે. કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૧ કરોડ ૮ લાખ ૩૯ હજાર ૮૯૪ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૧૩,૮૧૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૧,૭૬,૩૧૯ એક્ટિવ કેસો છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૧,૫૭,૫૪૮ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ શુક્રવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૪ માર્ચ સુધીમાં ભારતમાં કુલ ૨૧,૯૯,૪૦,૭૪૨ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, ગુરુવારના ૨૪ કલાકમાં ૭,૬૧,૮૩૪ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૪૮૦ કેસ નોંધાયા છે. જેની સામે ૩૬૯ દર્દીઓ સાજા થયા છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે એકપણ દર્દીનું મોત થયું નથી. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪૪૧૨ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૭.૩૬ ટકા છે. અત્યાર સુધીમાં ૧૧,૦૯,૫૧૫ વ્યક્તિઓને કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ અને ૨,૪૫,૦૧૦ વ્યક્તિઓને કોરોના વેક્સીનનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. આજે ૬૦ વર્ષથી વધારે વય ધરાવતા તેમજ ૪૫થી ૬૦ વર્ષ વયના ગંભીર બીમારી ધરાવતા ૧,૦૧,૯૯૧ વ્યક્તિઓનું રસીકરણ થયું છે. આ રસીના કારણે એકપણ ગંભીર આડઅસર જોવા મળી નથી. ગુજરાતમાં અત્યારે કુલ ૨૭૪૯ દર્દીઓ એક્ટિવ પેશન્ટ તરીકે દાખલ છે, જેમાં ૪૦ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં ૨૭૦૯ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૬૪૫૬૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખીને મધ્યપ્રદેશમાં મે સુધી પહેલા ધોરણથી પાંચમા ધોરણના ક્લાસ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એમપીના સ્કૂલ શિક્ષણમંત્રી ઈન્દર સિંહ પરમારે આ વાત જણાવી છે. તેમણે કહ્યું છે કે રાજ્યમાં ૬થી ૮માં ધોરણના ક્લાસ વિશે પણ ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. મધ્યપ્રદેશમાં ભોપાલ અને ઈન્દોરમાં કોરોનાના સૌથી વધારે કેસ નોંધાયા છે. જ્યારે રાજ્યમાં અત્યારસુધીમાં ૨ લાખ ૬૨ હજાર ૮૫૦ લોકો સંક્રમિત થયા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે કોરોનાની વેક્સિન લીધી છે. તેમણે દિલ્હીની એલએનજેપી હોસ્પિટલમાં પહેલો ડોઝ લગાવ્યો છે. ૫૨ વર્ષના કેજરીવાલ ૧૦ વર્ષથી ડાયાબિટીસના દર્દી છે. તેમના પેરન્ટ્સે પણ વેક્સિન લીધી છે. બધાને કોવિશીલ્ડ વેક્સિન આપવામાં આવી છે.

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આ વર્ષે ઉનાળો આકરો રહેશે: હવામાન વિભાગ



અમદાવાદ,

હવામાન વિભાગે આગાહી આપી હતી કે, ઉનાળાના ચાર મહિના દરમિયાન તાપમાન સામાન્ય કરતા વધુ રહેશે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં બદલાવ આવી શકે છે અને સાથે જ ગરમી વધી પણ શકે છે. હાલની પરિસ્થિતિ પરથી આગામી દિવસોમાં ગરમી વધવાની પૂરેપૂરી સંભાવના જોવા મળી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક સાથેની વાતચીત દરમિયાન જાણવા મળ્યું હતું કે, અલ નીનો હિંદ મહાસાગરમાં દુશ્મન થશે અને તેના કારણે ગરમીમાં સૌથી વધુ અસર જોવા મળશે.

તો બીજી તરફ ભારતના અનેક વિસ્તારો એવા છે કે, જ્યાં આગળ સૌથી વધુ ગરમીની અસર જોવા મળશે. ગુજરાત રાજ્યમાં સામાન્ય તાપમાનની જો વાત કરીએ તો, કચ્છના ભુજ વિસ્તારમાં સૌથી વધારે ગરમીની અસર માર્ચ મહિનાની શરૂઆતથી જ જોવા મળી રહી છે. ૩૮.૭ ડિગ્રી તાપમાન સાથે ભુજ સૌથી ગરમ શહેર કહી શકાય તેમ છે. ત્યારબાદ મહુવામાં ૩૮.૪, ડીસામાં ૩૮.૨, અમરેલીમાં ૩૮.૨, સુરેન્દ્રનગરમાં ૩૮, અમદાવાદમાં ૩૬.૫, ગાંધીનગરમાં ૩૬.૮, રાજકોટમાં ૩૭.૭, વડોદરામાં ૩૭ અને સુરતમાં ૩૬.૮ ડિગ્રી તાપમાન માર્ચ મહિનો શરૂ થતા નોંધાઈ ચૂક્યું છે.

હાલની પરિસ્થિતિ પ્રમાણે જોવા જઈએ તો આગામી દિવસોમાં તાપમાનમાં વધારો થાય તો કોઈ જ નવાઈ નહીં. સામાન્ય રીતે દર વર્ષે ઉનાળાની ઋતુમાં મે મહિનામાં અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રીને પાર થતું હોય છે, પરંતુ અલ નીનોની અસરથી આ વર્ષે એકથી બે ડિગ્રીનો વધારો થાય તેવી શક્યતાઓ છે.

## OBCના સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓને તાલીમમાં સહાય આપાવની સરકારની જાહેરાત

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભામાં ચાલી રહેલા અંદાજપત્ર સત્ર ચાલી રહ્યું છે. આ દરમિયાન ગુજરાત સરકારે ઓબીસીના સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓને તાલીમમાં સહાય આપાવની જાહેરાત કરી છે. રાજ્યના ઓબીસી વર્ગની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરતા વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ સહાય ચૂકવવાનો મહત્વપૂર્ણ નિર્ણય ગુજરાત સરકારે કર્યો છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગની સમાન પ્રકારની યોજનાનો લાભ ઓબીસીના વિધાર્થીઓને અપાશે.

વર્ગ ૧, વર્ગ ૨ અને વર્ગ ૩ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ, જાહેર સેવા આયોગ ઉપરાંત ગૌણ સેવા પસંદગી, પોલીસ ભરતી, પંચાયત સેવા પસંદગી અને કેન્દ્ર કક્ષાની બેકિંગ, રેલવે, આર્મી, સીઆરપીએફ સહિતની પરીક્ષાઓ માટે સહાય ચૂકવાશે. વિદ્યાર્થી દીઠ ૨૦ હજાર રૂપિયા અથવા ખરેખર ચૂકવવા થતી ફી જે ઓછું હોય તે સીધા વિદ્યાર્થીના ખાતામાં જમા થશે.

રાજ્યના ઓબીસી વર્ગ ના સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરતા વિદ્યાર્થીઓ ને સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ સહાય ચૂકવવાનો આ નિર્ણય મહત્વનો માનવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થી દિઠ ૨૦ હજાર રૂપિયા અથવા ખરેખર ચૂકવવા થતી ફી જે ઓછું હોય તે સીધા વિદ્યાર્થીના ખાતામાં સીધા જમા થશે.

## ટાઈમ મેગઝીનના કવર પેજ પર ખેડૂત આંદોલનમાં સામેલ મહિલાઓને મળ્યું સ્થાન




ન્યુ દિલ્હી,

અમેરિકાની પ્રતિષ્ઠિત ટાઈમ મેગઝીનએ પોતાના તાજેતરના અંકના કવર પેજ પર ખેડૂત આંદોલનમાં સામેલ મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે. કવર પેજ પર આંદોલનકારી મહિલાઓની તસવીર છે. તસવીરની આગળ લખ્યું છે- 'ભારતના ખેડૂત વિરોધના મોરચા પર.' નોંધનીય છે કે ત્રણ નવા કૃષિ કાયદાઓના વિરોધમાં દેશના અનેક ખેડૂતો દિલ્હીની સરહદો પર છેલ્લા ચાર મહિનાથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ટાઈમ મેગઝીને દીલ્હીના ટિકરી બોર્ડર પર ૨૦ મહિલાઓના એક સમૂહની તસવીર પ્રકાશિત કરી છે જેઓ ખેડૂત આંદોલનમાં સામેલ થવા પહોંચી હતી. ટાઈમ મેગઝીને જણાવ્યું છે કે કેવી રીતે મહિલાઓ પણ વિરોધના મોરચા પર અડગ રહી છે. આર્ટિકલનું ટાઈટલ છે- 'I Cannot Be Intimidated. I Cannot Be Bought.' એટલ કે અમને ધમકાવી નહીં શકાય, અમને ખરીદી નહીં શકાય. આર્ટિકલમાં લખવામાં આવ્યું છે કે મોટભાગની મહિલાઓ પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ગ્રામ્ય વિસ્તારથી દિલ્હી બોર્ડર પર પહોંચી હતી. Time Magazineએ વધુમાં લખ્યું છે કે આ મહિલાઓ એ વાતથી હેરાન હતી કે, તેઓ દિલ્હીની આસપાસના વિરોધ પ્રદર્શન સ્થળો પર ખાવાનું બનાવવા અને સફાઈની સેવાઓ આપનારા કાર્યકર્તા હતી, ન કે આંદોલનમાં બરાબરીની હિસ્સેદારી રાખનારી. પશ્ચિમ ઉત્તર પ્રદેશના રામપુરની ૭૪ વર્ષીય જસબીર કૌરે ટાઈમ મેગઝીનને જણાવ્યું કે, અમારે કેમ પરત જવું જોઈએ? આ માત્ર પુરૂષોનું વિરોધ પ્રદર્શન નથી. અમે કોણ છીએ-જો ખેડૂત નથી? ઓક્સફામ ઈન્ડિયા અનુસાર, ૮૫ ટકા ગ્રામિણ વિસ્તારની મહિલાઓ કૃષિ કાર્ય કરે છે પરંતુ માત્ર ૧૩ ટકા જ કોઈ પણ ભૂમિની માલિક છે.

## રેલવેએ પ્લેટફોર્મ-ટિકિટની કિંમતમાં ત્રણ ગણો વધારો કર્યો




ન્યુ દિલ્હી,

વિશ્વભરમાં કોરોના રોગચાળાની વચ્ચે રેલવે મંત્રાલયે પ્લેટફોર્મની ટિકિટની કિંમતોમાં વધારો કર્યો છે. મંત્રાલયનું કહેવું છે કે આ હંગામી ધોરણે લેવાયેલો નિર્ણય છે, જે યાત્રીઓની સુરક્ષા અને સ્ટેશનો પર વધુ ભીડ જમા થતી રોકવા માટે લેવામાં આવ્યો છે. આ નિર્ણય પછી પ્લેટફોર્મની ટિકિટની કિંમત હવે રૂ. ૩૦ થઈ ગઈ છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે સ્ટેશનો પર ભીડને નિયંત્રિત કરવાની જવાબદારી ડિવિઝનલ રેલવે મેનેજરોની છે. કોરોના રોગચાળાને કારણે રેલવે દ્વારા યાત્રીઓના હિતમાં લેવાયેલો નિર્ણય છે, જેથી સ્ટેશનો પર થતી ભીડને રોકી શકાય. આ પહેલાં રેલવેએ ઓછા અંતરવાળી ટ્રેનોની ટિકિટની કિંમતોમાં વધારો કર્યો હતો, જેથી બિનજરૂરી પ્રવાસને અટકાવી શકાય. દેશમાં એક વર્ષ પહેલાં કોરોના સંક્રમણમાં સતત વધારો થતાં પ્લેટફોર્મ ટિકિટની સુવિધાને બંધ કરવામાં આવી હતી. લોકડાઉન પહેલાંના સમય પહેલાં ૧૮થી ૨૨ માર્ચ દરમ્યાન પ્લેટફોર્મની કિંમત વધારીને રૂ. ૫૦ કરવામાં આવી હતી. જેથી પ્લેટફોર્મ પર ભીડમાં ઘટાડો થયો હતો.

રેલવે યાત્રીઓ માટે વધુ એક મહત્ત્વની સુવિધા વધારી રહી છે. હવે ટ્રેનમાં તમે ડેબિટ કાર્ડ અથવા ક્રેડિટ કાર્ડથી ચુકવણી કરી શકશો. યાત્રી ભાડાની સાથે દંડની રકમ પણ આ સુવિધાથી કરી શકાશે. આ માટે ભારતીય રેલવે અને સ્ટેટ બેંક સાથે કરાર થયો છે. જેથી આ વર્ષે આ વ્યવસ્થા શરૂ થાય એવી શક્યતા છે.

## ન્યૂઝીલેન્ડમાં ૮.૧ ની તીવ્રતાનો ભૂકંપ, રાતે સતત આંચકા અનુભવાતા ભય

વેલિંગ્ટન,

વેલિંગ્ટનઃ ન્યૂઝીલેન્ડમાં કેરમાડેક દ્વીપની પાસે ભૂકંપના જોરદાર આંચકા મહેસૂસ થયા છે. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૮.૧ માપવામાં આવી છે. ન્યૂઝીલેન્ડમાં ત્રીજીવાર ભૂકંપના ઝટકા મહેસૂસ થયા છે. પહેલો ભૂકંપ રાતે લગભગ ૨.૨૭ વાગે નોર્થ આઈલેન્ડ વિસ્તારમાં આવ્યો હતો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૨ની હતી. ત્યારબાદ ૪ કલાક પછી કેરમાડેક દ્વીપ પાસે ૭.૪ની તીવ્રતાથી ભૂકંપના ઝટકા મહેસૂસ થયા હતા.

ત્રીજો આંચકો ૮.૨૮ વાગે (સ્થાનિક સમય સવારે) ૮.૧ની તીવ્રતાનો આવ્યો હતો. હાલ જાનમાલની હાનિના કોઈ સમાચાર નથી. પૃથ્વીની અંદર ૭ પ્લેટ્સ છે, જે સતત ઘૂમતી રહે છે. જ્યાં આ પ્લેટ્સ સૌથી વધુ ટકરાય છે તે ઝોન ફોલ્ટ ઝોન કહેવાય છે. વારંવાર ટકરાવવાના કારણે પ્લેટ્સના ખૂણા વળે છે. જ્યાં સૌથી વધુ દબાણ સર્જાય છે ત્યાં પ્લેટ્સ તૂટવા લાગે છે અને નીચેની એનર્જી બહાર આવવાનો રસ્તો શોધે છે. ત્યારબાદ ડિસ્ટર્બન્સ વધે છે અને ભૂકંપ આવે છે.

## બાઈડન-વહીવટીતંત્રમાં મહત્ત્વનાં પદ પર ભારતીય-અમેરિકન્સની નિયુક્તિ

વોશિંગ્ટન,

અમેરિકાના પ્રમુખ જો બાઈડને કહ્યું છે કે, 'દેશમાં ભારતીય-અમેરિકન્સ છવાઈ રહ્યાં છે.' બાઈડનના આ ઉલ્લેખ પાછળનું કારણ એમના વહીવટીતંત્રમાં ભારતીય સમાજનાં લોકોની મોટી સંખ્યામાં કરાયેલી નિમણૂક છે. પ્રમુખપદ સંભાળ્યાને હજી ૫૦ દિવસ પણ નથી થયા અને બાઈડને એમના વહીવટીતંત્રમાં મહત્ત્વના નેતૃત્વના સ્થાનો પર ઓછામાં ઓછા ૫૫ ભારતીય-અમેરિકન્સની નિમણૂક કરી છે. તેમણે ગઈ કાલે નાસાના વિજ્ઞાનીઓ સાથેના એક વર્ચ્યુઅલ સંવાદમાં કહ્યું હતું કે પોતાના ભાષણનું લખાણ તૈયાર કરનારથી લઈને અવકાશ સંશોધન સંસ્થા NASAના પદ પર ભારતીય-અમેરિકન્સની નિમણૂક કરાઈ છે. જેમ કે, સ્વાતિ મોહન, મારા ઉપપ્રમુખ કમલા હેરિસ, મારા ભાષણ-લેખક વિનય રેડ્ડી વગેરે. દેશમાં ભારતીય-અમેરિકન્સ છવાઈ રહ્યાં છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કનાસીયા કુંવરસિંહ મનજીભાઈ

મુ. દેવી-રામપુરા, તા. દે.બારીઆ



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કોળી પ્રવિણસિંહ ફતેસિંહ

મુ. અંતેલા, તા. દે.બારીઆ



મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં ૧૩-ગોવિંદી બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

જશોદાબેન જગ્દીશચંદ્ર બારીયા

૧૩-ગોવિંદી

તા.ગોધરા, જી.પંચમહાલ



મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ



જીલ્લા પંચાયત ચૂંટણીમાં ૧૦-જાફરાબાદ બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...



શકુંતલાબેન સુરેશભાઈ ગણાવા

૧૦-જાફરાબાદ, તા.ગોધરા, જી.પંચમહાલ



સુરેશભાઈ સુકાભાઈ ગણાવા

સરપંચ, કંકુથાંભલા ગ્રામ પંચાયત, તા.ગોધરા, જી.પંચમહાલ



મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં સાગવાડા બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

પ્રભાબેન ભારતસિંહ ભુરીયા

સાગવાડા

તા.મોરવા(હ), જી.પંચમહાલ

# કો-વિન એપ ૨.૦ અને આરોગ્ય સેતુ સહિતના IT એપના માધ્યમથી રસી માટે સેલ્ફ રજિસ્ટ્રેશન કરાવી શકાશે

લુણાવાડા, સરકારની સુચનાનુસાર આજથી સમગ્ર રાજયમાં ૬૦ વર્ષથી ઉપરના અને ૪૫ થી ૫૯ વર્ષની ઉંમરના માટે સરકારની ગાઈડ લાઈન મુજબની બિમારીવાળા લોકોને રસી મૂકવાનો પ્રારંભ થઇ ગયો છે. તદ્‌અનુસાર મહીસાગર જિલ્લામાં પણ જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આ માટે સુચારૂં વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પરંતુ આ રસી કેવી રીતે મેળવી શકાય તે માટે નાગરિકો આજથી રસી માટે કો–વિન એપ ૨.૦ અને આરોગ્ય સેતુ સહિતના એપના માદયમથી રસી માટે સેલ્ફ રજિસ્ટ્રેશન કરાવી શકાશે. આ એપ પર રસી આપતી સરકારી અને ખાનગી હોસ્પિટલોની માહિતી આપવામાં આવેલ છે. જેમાં રજિસ્ટ્રેશન કરાવતી વખતે પસંદગીની હોસ્પિટલ અને રસી લેવાનો સમય બુક કરાવવાનો રહેશે. સાઈટ રજિસ્ટ્રેશનની સુવિધા આપશે જેથી વ્યકિત નજીકની હોસ્પિટલ જઈને પણ રજિસ્ટર્ડ કરાવી રસી મૂકાવી શકે છે. રસી લેવા માટે જરૂરી ઉંમરની લાયકાત માટે આધાર અથવા કોઈપણ આઈ.ડી. કાર્ડ રજૂ કરવાનું રહેશે અને જે રજિસ્ટ્રેશન કરાવતી વખતે ઉંમરના પુરાવા માટે પુરાવો રજૂ કર્યો હોય તેજ પુરાવો રસી લેતી વખતે રજૂ કરવાનો રહેશે.

આ રસી કેન્સર, કિડનીની બિમારી, હૃદય રોગ, ડાયાબિટીસ, હાયપરટેન્શન જેવી ગંભીર બિમારીથી પીડાતા ૪૫ થી ૫૯ વર્ષના લોકો લઇ શકે છે. ૪૫ થી ૫૯ વર્ષની ગંભીર બિમારી ધરાવતા વ્યકિતઓએ જન્મ તારીખ/ઉંમર દર્શાવતા આઈ.ડી. ઉપરાંત નિયત કરાયેલ ગંભીર બિમારી અંગેનું એમ.બી.બી.એસ. કે તેથી ઉપરની લાયકાત ધરાવતા આર.એમ.પી. ડોકટરનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૪૫ થી ૫૯ વર્ષની ગંભીર બિમારી જેવી કે, છેલ્લા એક(૧) વર્ષમાં હોસ્પિટલમાં દાખલ થઈ હાર્ટ ફેલ્યોરની સારવાર લીધી હોય, પોસ્ટ કાર્ડિયાક ટ્રાન્સપ્લાન્ટ, લેફટ વેન્ટ્રીર્યુલર આસિસ્ટ ડિવાઈસ ધરાવતા દર્દી, ચોકકસ લેફટ વેન્ટ્રીર્યુલેટર સિસ્ટોલિક ડિસફંકશન ધરાવતા દર્દી, મદ્યમ અથવા ગંભીર વાલ્વુલર હૃદયરોગ, પીએએસ અથવા આઈઓપેથિક પીએએચ ધરાવતા હૃદયરોગના દર્દી, ભૂતકાળમાં સીએબીજી, પીટીસીએ, એમઆઈ અને હાયપર ટેન્શન–ડાયાબિટિસ સાથે કોરોનરી આર્ટરી ડિસીઝ, એન્જિના અને હાયરપરટેન્શન–ડાયાબિટિસની સારવાર લેતા હોય, સીટી–એમઆરઆઈ સ્ટ્રોક અને હાયરપરટેન્શન–ડાયાબિટિસની સારવાર લેતા, પલ્મોનરી આર્ટરી હાયરપરટેન્શન અને હાયરપરટેન્શન–ડાયાબિટિસની સારવાર લેતા, ૧૦ વર્ષ કરતા વધુ સમયથી ડાયાબિટિસ–હાયપરટેન્શન, કિડની, લીવર, સ્ટેમસેલ ટ્રાન્સપ્લાન્ટના દર્દી, હેમાડાયાલિસીસ, સીએપીડી પર રહેલા કીડનીના દર્દી, ડિકમ્પેન્સેટેડ સિરોસિસના દર્દી, બે વર્ષમાં સારવાર લેનારા શ્વસનતંત્રના દર્દી, લિમ્ફોમા, લ્યુકેમિયાના દર્દી, ૧ જુલાઈ, ૨૦૨૦ પછી સોલિડ કેનસરનું નિદાન થયું હોય અથવા હાલ કેન્સરની કોઈપણ સારવાર લેતા હોય તેવા, સિકલ સેલ ડિસીઝ, બોનમેરો ફેલ્યોર, અપ્લાસ્ટિક એનિમિયા, થેલિસિમિયા મેજરના દર્દી, પ્રાયમરી ઈમ્યુનોડેફિસિયન્સી ડિસીઝ, એચઆઈવી ઈન્ફેકશન ધરાવતા કે ઈન્ટેલેકચુઅલ વિકલાંગતા, મસ્કયુલર ડિસ્ટ્રોફી, શ્વસનતંત્ર સાથે સંકળાયેલા એસિડ એટેક, ગંભીર વિકલાંગતા, બહેરાશ અને અંધત્વની વિકલાંગતા ધરાવતા હોય તેવા દર્દીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

આમ, ઉપરોકત ૪૫ થી ૫૯ વર્ષની રોગ ધરાવતી કોઈપણ વ્યકિત સેલ્ફ રજિસ્ટ્રેશન કરાવી રસી મૂકાવી શકે છે. આ માટે ભારત સરકાર દ્વારા નિયત કરવામાં આવ્યા મુજબ સરકારી દવાખાનામાં રસી વિનામૂલ્યે આપવામાં આવશે જયારે ખાનગી હોસ્પિટલોમાં રૂા. ૧૦૦/– વહીવટી ચાર્જ અને રસીના રૂા. ૧૫૦/– મળી કુલ રૂા. ૨૫૦/– એક ડોઝના રસી મૂકાવનાર લાભાર્થીએ આપવાના રહેશે.

## મહીસાગરવાસીઓને રસી મૂકાવી દેવા જિલ્લા કલેકટરની અપીલ

લુણાવાડા, ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ મહીસાગર જિલ્લામાં તા. ૧લી માર્ચથી ૬૦ વર્ષથી ઉપરના તમામ વ્યકિતઓને તેમજ ૪૫ થી ૬૦ વર્ષની વચ્ચે જે કે જેઓને હૃદય, કિડની, કેન્સર, સિકલસેલ, એનેમિયા, બ્લડપ્રેસર, ડાયાબિટીસ, ફેકસા રોગ, લિવરની તકલીફ જેવી ગંભીર બિમારીઓ ધરાવતા હોય તેઓ માટે મહીસાગર જિલ્લામાં રસીકરણનો પ્રારંભ થઇ ગયો છે અને તેના માટે જિલ્લામાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં રસી આપવાની સુચારૂં વ્યવસ્થા વહીવટી–આરોગ્ય તંત્ર દ્વારા ગોઠવવામાં આવી છે ત્યારે મહીસાગરવાસીઓને પોતાની અને પોતાના પરિવારજનોની સુરક્ષા માટે વેકિસનેશન કરાવવું જરૂરી હોઈ ડર રાખ્યા રાખ્યા વગર રસીકરણ ઝુંબેશમાં જોડાઈને આપણા પરિવાર, સમાજ અને દેશને સુરક્ષિત રાખવા વહેલી તકે રસીકરણ કરાવી લેવા જિલ્લા કલેકટર આર. બી. બારડે હાર્દિક અપીલ કરી છે.

વધુમાં કલેકટર બારડે પ્રથમ અને બીજા તબકકામાં ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ, આરોગ્ય કર્મીઓ સહિત જેઓએ વેકિસનેશનનો પ્રથમ ડોઝ લીધો છે તેઓને બીજા ડોઝ આપવાની કામગીરી ચાલી રહી છે ત્યારે તેઓને પણ સમયસર રસીનો બીજો ડોઝ મૂકાવી દેવા જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, સરકારી સંસ્થાઓમાં વિનામૂલ્યે રસી આપવામાં આવે છે જયારે ખાનગી સંસ્થાઓમાં સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ દર મુજબ રૂા. ૨૫૦/–ના દરે રસી મૂકવામાં આવી રહી છે.

## બેસણું



સ્વ. વાળંદ હિરાભાઈ લાલાભાઈ
જન્મ તા.૦૧/૦૧/૧૯૪૧
સ્વ. તા.૦૪/૦૩/૨૦૨૧

પરમ પૂજનીય હિરાદાદાનું બેસણું ગામ ટોચના ગોરાડા ખાતે તેમના નિવાસ સ્થાને તા.૮/૩/૨૦૨૧ને સોમવારના રોજ રાખેલ છે. માં ગાયત્રી, ગુરૂદેવ, ભગવાન સ્વામિનારાયણ તેમના દિવ્ય આત્માને પરમધામનું સુખ આપે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ગામઃ ફતાજીના ગોરાડા, તા.લુણાવાડા, જી. મહિસાગર.

લી. પંકજકુમાર જયંતિલાલ વાળંદ (ભાણો),
રીનાબેન (ભાણી),
શૈલેષકુમાર વાળંદ,
કપીલાબેન જયંતિલાલ વાળંદ(પુત્રી),
ગીતાબેન જયેશકુમાર વાળંદ,
જયંતિલાલ લાલજીભાઈ વાળંદ (જમાઈ)
ચિ.પીહું, ચિ.તકસું, ચિં.દેવાશી, ચિ.મૈત્રી

# ખાનપુર તાલુકાના ખાનપુર ગામના બ્રાહ્મણ ફળિયાના વિસ્તારને કન્ટેઈનમેન્ટ એરિયાના પ્રતિબંધમાંથી મુકત

લુણાવાડા, વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા નોવેલ કોરોના વાયરસ(કોવિડ–૧૯)ને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (કોવિડ–૧૯)ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. આ માર્ગદર્શિકા અનુસાર રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૩/૨૦૨૦ના જાહેરનામાથી ધ ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવિડ–૧૯ રેગ્યુલેશન–૨૦૨૦ જાહેર કરેલ છે. આ જાહેરનામા અનુસાર આ મહામારીની વર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા તથા તેના સંક્રમણને નિયંત્રણમાં લવા જિલ્લા કક્ષાએ આયોજન, સંકલન તથા નિયંત્રણમાં લેવા જાહેર હિતમાં લેવાના તમામ પગલાંઓ લેવા જિલ્લા કલેકટરને સત્તાઓ આપવામાં આવેલ છે. મહીસાગર જિલ્લામાં કોરોના વાયરસ (કોવિડ–૧૯) પોઝીટીવ કેસ પ્રકાશમાં આવતા આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લઈ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે ખાનપુર તાલુકાના ખાનપુર ગામના બ્રાહ્મણ ફળિયાના વિસ્તારને તા. ૧૭/૨/૨૧થી કન્ટેઈનમેન્ટ ઝોન (પ્રતિબંધિત વિસ્તાર) જાહેર કરવામાં આવેલ હતો. જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના અહેવાલ મુજબ કન્ટેઈનમેન્ટ એરિયા જાહેર કર્યાના તારીખથી આ વિસ્તારમાં છેલ્લો પોઝીટીવ કેસ મળ્યા તારીખથી ૧૪ દિવસ પૂર્ણ થતાં અન્ય કોઈ કેસ આવવાની શકયતા ઓછી હોઈ મહીસાગર–લુણાવાડાના જિલ્લા મેજિસ્ટ્રેટ આર. બી. બારડે નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ–૨૦૦૫ની કલમ–૨૬(૨) અનેધી એપેડેમિક ડિસિઝ એકટ–૧૮૯૭ની કલમ–૨ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારના તા. ૨૫/૩/૨૦૨૦થી મળેલ સત્તાની રૂઈએ ખાનપુર તાલુકાના ખાનપુર ગામના બ્રાહ્મણ ફળિયા વિસ્તારને કોવિડ–૧૯ના કન્ટેઈનમેન્ટ એરિયાના પ્રતિબંધમાંથી મુકત કર્યો છે.



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

મહિસાગર જીલ્લા ખાતે શિવસેના દ્વારા જુનાગઢ ભવનાથનો મેળો બંધ કરવાના નિર્ણય કરી હિન્દુઓની સાથે અન્યાય કરાતો હોવાના મુદ્દે જીલ્લા કલેકટરને ઓવદન આપવામાં આવ્યું. મહિસાગર જીલ્લા ખાતે શિવસેના દ્વારા શિવરાત્રીના પર્વ એ જુનાગઢમાં ભવનાથનો મેળો વર્ષોથી ભરાય છે. ભવનાથ મેળામાં સરકાર દ્વારા કોરોનાને ધ્યાનમાં લઈને બંધ રાખવામાં આવ્યો છે. જેને લઈ હિન્દુઓ સાથે અન્યાય કરવામાં આવતાં શિવસેના પ્રમુખ લાલાભાઈ ગઢવી એ સાધુ સંતો અને કાર્યકર્તાઓ સાથે રાખીને જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું છે.

## સંતરામપુર નગરમાં BOBમાં મેનેજરને કોરોના પોઝીટીવ આવતા બેન્ક બંધ રખાઈ





તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં બેંક ઓફ બરોડામાં સંતરામપુર શાખામાં છેલ્લા છ માસમાં બેંકના ચોથી વાર કોરોના પોઝીટીવ આવતા તંત્ર એકશનમાં આવ્યું. સંતરામપુર બેંક ઓફ બરોડામાં તમામ કર્મચારીઓની કોરોના ટેસ્ટ કરવામાં આવેલા હતા. બેંક મેનેજરને પોઝિટિવ કેસ આવતા આજે બેંકની સંપૂર્ણ કામગીરી બંધ રાખવામાં આવેલી હતી. વારંવાર બેંક ઓફ બરોડામાં કોરોનાના કેસ પોઝીટીવ આવતા ભારે ફફડાટ અને ડર જોવાયો છે. બેંકમાં ખાતેદારો આવતા ગભરાતા હોય છે, હવે ધીરે ધીરે પૂર્ણા કેસો સંતરામપુર નગરમાં પ્રમાણ વધી રહ્યું છે. સરકારની ગાઈડ લાઈન મુજબ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવતું નથી. હવે દરેક જગ્યાએ જાહેર ઓફિસમાં બસ સ્ટેશન એસટી વિભાગ ખાનગી વાહનો દુકાનો હોટલો દરેક જગ્યાએ ભીડ અને ટોળાઓ જોવા મળી રહ્યા છે. હવે સરકારી તંત્ર દ્વારા કડક વલણથી નિયમનું પાલન કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

## મહીસાગર જિલ્લામાં આજે ૬ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાના ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૫–૦૩–૨૦૨૧ના સાંજના ૪–૩૦ વાગ્યા સુધીમાં ૨૧૧૦ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૦૧૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૧૩૪૨૩૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ–લુણાવાડા, ૩૭ દર્દી હોમ આઈસોલેશન અને ૦૪ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૩ દર્દીઓ સ્ટેબલ અને ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૬-૦૩-૨૦૨૧, શનિવાર, મહા વદ-૮, સૂર્યોદય-૬-૪૨, સૂર્યાસ્ત-૬-૨૩, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ અનુરાધા

| ગ્રહ | ચોઘડીયા / હોરા |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## પ્રોડકશન લિંકડ ઈન્સેન્ટિવ સ્કીમને લઈ વેબિનારમાં વડાપ્રધાન મોદીએ કહ્યું-

# દુનિયાભરમાં રસી લઈને જાય છે વિમાન, સાથે લાવે છે ભારત પ્રત્યે ભરોસો અને આશીર્વાદ



ન્યુ દિલ્હી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પ્રોડકશન લિંકડ ઈન્સેન્ટિવ સ્કીમને લઈને આયોજિત વેબિનારને સંબોધન કર્યું. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે અમે મેક ઈન ઈન્ડિયાને અલગ અલગ સ્તર પર મજબૂત કરવા માટે અનેક પગલાં લીધા છે. અમારી સામે દુનિયાભરના ઉદાહરણ છે. જયાં દેશોએ પોતાની મેન્યૂફેકચરિંગ ક્ષમતા વધારીને, દેશના વિકાસને ગતિ આપી છે. વેબિનારને સંબોધિત કરતા પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતમાં આજે જે વિમાન કોરોના વાયરસ રસીના લાખો ડોઝ લઈને દુનિયાભરમાં જઈ રહ્યા છે તે ખાલી આવતા નથી. તેઓ પોતાની સાથે ભારત પ્રત્યેનો ભરોસો, ભારત પ્રત્યે આત્મિયતા, સ્નેહ, આશીર્વાદ અને એક ભાવાત્મક લગાવ લઈને આવે છે. તેમણે કહ્યું કે આટલી મોટી સંખ્યામાં હિન્દુસ્તાનના તમામ ખૂણેથી તમારા બધાનું આ મહત્વપૂર્ણ વેબિનારમાં સામેલ થવું એ પોતાનામાં જ તેનું મહત્વ દર્શાવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત આજે જે નમ્રતા અને કર્તવ્યભાવથી માનવતાની સેવા કરી રહ્યું છે તેનાથી સમગ્ર દુનિયામાં ભારત પોતાનામાં જ એક ખુબ મોટી બ્રાન્ડ બની ગયું છે.

ભારતની શાખ અને ઓળખ નિરંતર નવી ઊંચાઈ આંબી રહી છે. સ્વાસ્થ્ય સંકટના આ સમયમાં દુનિયાની સેવા કરીને ભારત એક વૈશ્વિક બ્રાન્ડ બની ગયું છે. તે ટ્રસ્ટ ફાર્મા સેકટર સુધી સીમિત નથી, પરંતુ દરેક સેકટરને તેનાથી ફાયદો થશે. તેમણે વધુમાં કહ્યું કે આજે ભારત એક બ્રાન્ડ બની ગયું છે. હવે તમારે ફકત પ્રોડકટની ઓળખ બનાવવાની છે. હવે તમારે વધુ મહેનત કરવાની નથી. જો મહેનત કરવી હોય તો પ્રોડકશન કવોલિટી પર કરવાની છે. પીએમ મોદીએ કહ્યું કે દેશનું બજેટ અને દેશ માટે પોલીસી મેકિંગ ફકત સરકારી પ્રક્રિયા ન રહે, દેશના વિકાસ સાથે જોડાયેલા દરેક સ્ટેક હોલ્ડર્સનું તેમા ઈફેકિટવ એન્ગેજમેન્ટ હોય. આ જ ક્રમમાં આજે મેન્યુફેકચરિંગ સેકટર, મેક ઈન ઈન્ડિયાને ઉર્જા આપનારા તમારા જેવા મહત્વપૂર્ણ સાથીઓ સાથે ચર્ચા થઈ રહી છે. તેમણે વધુમાં કહ્યું કે નિર્માણની વધતી ક્ષમતાઓ દેશમાં રોજગારીનું નિર્માણ કરે છે. ભારત આ એપ્રોચ સાથે ઝડપથી કામ કરવા માંગે છે.

આ સેકટરમાં આપણી સરકાર નિર્માણને પ્રોત્સાહન આપવા માટે એક પછી એક સુધાર કરી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે અમારી સરકાર માને છે કે દરેક ચીજમાં સરકારનો હસ્તક્ષેપ સમાધાનની જગ્યાએ સમસ્યા પેદા કરે છે. આથી અમે સેલ્ફ રેગ્યુલેશન પર ભાર મૂકી રહ્યા છીએ. આ વર્ષે અમારો ઈરાદો કેન્દ્ર અને રાજય સ્તરના ૬૦૦૦થી વધુ ઝ્ર્‌દ્બૈંટ્ઠહષ્ઠીજ ને ઓછો કરવાનો છે. તેમણે વધુમાં કહ્યું કે આ વર્ષના બજેટમાં ર્ંૈં સ્કીમ સંબંધિત યોજનાઓ માટે લગભઘ ૨ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. ઉત્પાદનના સરેરાશ ૫ ટકા ઈન્સેન્ટિવ તરીકે અપાયું છે. ફકત પીએલઆઈ સ્કિમ દ્વારા જ આવનારા પાંચ વર્ષોમાં લગભગ ૫૨૦ બિલિયન ડોલરનું ઉત્પાદન ભારતમાં થવાનું અનુમાન છે.

પીએમ મોદીએ કહ્યું કે આપણું ઉત્પાદન ખર્ચ, ગુણવત્તા અને ઉત્પાદનોની દક્ષતાને વૈશ્વક બજારમાં એક છાપ છોડવી જોઈએ અને આપણે તેને શક્ય બનાવવા માટે મળીને કામ કરવું જોઈએ. આપણા ઉત્પાદનો ઉપયોગકર્તાને અનુકૂળ, સૌથી આધુનિક, સસ્તા અને ટકાઉ હોવા જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે આર્ંૈ જે સેકટર માટે છે તેને તો લાભ થઈ જ રહ્યો છે તેનાથી તે સેકટર સંબંધિત સમગ્ર ઈકોસિસ્ટમને પણ ફાયદો થશે. ઓટો અને ફાર્મામાં ર્ંૈં થી ઓટો પાર્ટ, ચિકિત્સા ઉપકરણ, અને દવાઓના રો મટીરિયલ સંબંધિત વિદેશી નિર્ભરતા ખુબ ઓછી થશે.

# બંગાળ ચૂંટણીઃ તૃણમૂલ કોંગ્રેસે ૨૯૪ ઉમેદવારોની યાદી કરી જાહેર



કોલકાતા, પશ્ચિમ બંગાળમાં થનારી આગામી વિધાનસભા ચૂંટણી માટે તૃણમૂલ કોંગ્રેસે ૨૯૧ ઉમેદવારોની યાદી બહાર પાડી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કોલકાતામાં પોતાના કાલીઘાટ ખાતેના નિવાસસ્થાનેથી તમામ ઉમેદવારોની યાદી જાહેર કરી. આ સાથે જ તેમણે જણાવ્યું કે તેમની પાર્ટીએ ૩ બઠકો પોતાની સહયોગી ગોરખા જનમુક્તિ મોર્ચા માટે છોડી છે. પશ્ચિમ બંગાળની ૨૯૪ વિધાનસભા બેઠકો માટે ૮ તબક્કામાં મતદાન થશે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી નંદીગ્રામ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે.

પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું કે હું ભવાનીપુર સીટને સોભનદેવ ચટ્ટોપાધ્યાય માટે છોડી રહી છું. હું ફકત નંદીગ્રામથી ચૂંટણી લડીશ. મમતા બેનર્જીએ ઉમેદવારોની યાદી જાહેર કરતા કહ્યું કે રાજયની ૨૯૪ વિધાનસભા બેઠકોમાંથી તૃણમૂલ કોંગ્રેસ ૨૯૧ બેઠકો પર ચૂંટણી લડશે. જયારે ૩ બેઠક સહયોગી પાર્ટી ગોરખા જનમુક્તિ મોરચા માટે છોડી છે. મમતા બેનર્જીએ જણાવ્યું કે ટીએમસીએ દાર્જિલિંગ, કલિમ્પોંગ અને કુરસેઓંગ સીટ ગોરખા જનમુક્તિ મોરચાને આપી છે.

મમતા બેનર્જીએ જણાવ્યું કે અમે ચૂંટણી સમિતિ સાથે બેઠક બાદ ઉમેદવારોના નામ નક્કી કર્યા છે. આ સાથે જ તેમણે જણાવ્યું કે પાર્ટીએ ૫૦ મહિલાઓને આ વખતે ટિકિટ આપી છે. આ ઉપરાંત ટીએમસીએ ૪૨ મુસ્લિમો, ૭૯ અનુસૂચિત જાતિ અને ૧૭ અનુસૂચિત જનજાતિના લોકોને ટિકિટ આપી છે.

### TMCએ આ ફોર્મ્યુલા પર નક્કી કર્યા નામ

૧. ૮૦ વર્ષથી ઉપરના કોઈ નેતાને ટિકિટ નથી અપાઈ.
૨. ગંભીર બીમારી કે લાંબી બીમારીવાળા કોઈ વ્યક્તિને ટિકિટ અપાઈ નથી.
૩. ૮૦ વર્ષથી વધુ ઉંમર અને બીમારીવાળા કેટલાક વર્તમાન વિધાયકોની ટિકિટ કપાઈ છે.
૪. લિસ્ટમાં લગભગ ૪૦ ટકા કે તેનાથી વધુ મહિલાઓને સામેલ કરાઈ છે.
૫. વિશેષ રીતે યુવા નેતાઓ અને વિદ્યાર્થી વિંગના નેતાઓને તક અપાઈ જે વધુ ઉર્જા સાથે કામ કરશે અને તેમની છબી ચોખ્ખી છે.
૬. આ વખતે સિતારાઓ/ કલાકારો/ ખેલાડીઓની વધુ ભાગીદારી કરાઈ છે.
૭. ભ્રષ્ટાચારના આરોપ કે ખરાબ છબીવાળા નેતાઓને આ વખતે ટિકિટ અપાઈ નથી.

### પશ્ચિમ બંગાળમાં ૮ તબક્કામાં થશે ચૂંટણી

અત્રે જણાવવાનું કે પશ્ચિમ બંગાળની ૨૯૪ વિધાનસભા બેઠકો માટે ૮ તબક્કામાં મતદાન થશે. રાજ્યમાં ૨૭ માર્ચ, એક એપ્રિલ, ૬ એપ્રિલ, ૧૦ એપ્રિલ, ૧૭ એપ્રિલ, ૨૨ એપ્રિલ, ૨૬ એપ્રિલ અને ૨૯ એપ્રિલે મતદાન થશે. જ્યારે ચૂંટણી પરિણામ ૨ મે ના રોજ આવશે. પહેલા અને બીજા તબક્કામાં ૩૦-૩૦ બેઠકો માટે, જ્યારે ત્રીજા તબક્કામાં ૩૧૨, ચોથા તબક્કામાં ૪૪ બેઠકો, પાંચમા તબક્કામાં ૪૫ બેઠકો, છઠ્ઠા તબક્કામાં ૪૩ બેઠકો, સાતમા તબક્કામાં ૩૬ અને આઠમા તબક્કામાં ૩૫ બેઠકો માટે મતદાન કરાવવામાં આવશે.

### નંદીગ્રામથી ચૂંટણી લડશે મમતા બેનર્જી

બીજેપીની હિન્દુત્વ રાજનીતિના જવાબ આપવા માટે મમતા મહાશિવરાત્રિના દિવસે પોતાનું નામાંકન દાખલ કરી શકે છે. મમતા બેનર્જીના નંદીગ્રામથી ચૂંટણી લડવાની જાહેરાત બાદ નંદીગ્રામ નિશ્ચિત રીતે સૌથી વીઆઈપી સીટ બની ગઈ છે. અહીંથી નક્કી થશે કે, બંગાળની રાજનીતિ આગળ કઈ બાજું વળાંક લેશે. આ સીટ પર શુભેંદુ અધિકારી જ વર્તમાન ધારાસભ્ય છે. હવે એ જોવું રસપ્રદ હશે કે મમતાની વિરુદ્ધ શુભેંદુ ખુદ ઉભા રહે છે કે પછી કોઈ બીજાને બીજેપી પોતાના ઉમેદવાર જાહેર કરે છે.

## દૈનિક રાશીફળ

તા.૦૬.૦૩.૨૦૨૧ શનિવાર

મેષ(અ,લ,ઈ): આજે સમય થોડો મિશ્રિત પ્રભાવ લાવી રહ્યો છે. છેલ્લાં થોડા સમયથી નજીકના સંબંધો વચ્ચે ચાલી રહેલાં મનમુટાવ દૂર થશે.

વૃષભ(બ,વ,ઉ): સામાજિક કાર્યોમાં આજે તમે વ્યસ્ત રહેશો. કોઈ અટવાયેલું પેમેન્ટ મળવાથી આર્થિક સમસ્યાનું સમાધાન થશે.

મિથુન(ક.છ.ઘ): આજે કોઈ પ્રિય વ્યક્તિ સાથે મુલાકાત થશે. નજીકના સંબંધીઓ સાથે ગેટ-ટુ-ગેધરને લગતો પ્લાન પણ બનશે.

કર્ક(ડ,હ): આજે તમને છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી કોઈ પરેશાનીનું સમાધાન મળશે. જેના કારણે ખૂબ જ વધારે રાહત અને તણાવમુક્ત અનુભવ કરશો.

સિંહ(મ,ટ): આ સમયે પરિસ્થિતિ અનુકૂળ છે. તમારા કાર્યોને લગતી નીતિઓ ઉપર ચર્ચા-વિચારણાં કરો અને વધારે સુધાર લાવવાની કોશિશ કરો.

કન્યા(પ,ઠ,ણ): ઘરની દેખરેખ અને રિનોવેશનને લગતી યોજના બનશે. સ્ત્રી વર્ગ માટે આજનો દિવસ ખાસ લાભદાયક રહેશે.

તુલા(ર.ત.): કામ વધારે હોવા છતાં તમે તમારા રસના કાર્યોને લગતી ગતિવિધિઓ માટે સમય કાઢી શકશો. નાણાકીય સ્થિતિમાં થોડો સુધાર આવી શકશે.

વૃશ્ચિક(ન.ય.): આજે પરિવાર સાથે થોડા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવા પડી શકે છે, પરંતુ આ નિર્ણય પોઝિટિવ પરિણામ જ આપશે. કોઈ મિત્ર સાથે મુલાકાત ફાયદાકારક સાબિત થશે.

ધન(ભ,ધ,ફ,ઢ): આ સમયે ગ્રહ સ્થિતિ તમારા પક્ષમાં છે. દરેક કાર્યને વ્યવસ્થિત રૂપથી કરવાથી જલ્દી જ લક્ષ્યને પ્રાપ્ત કરી લેશો.

મકર(ખ.જ.): આ સમયે પરિસ્થિતિઓ ખૂબ જ અનુકૂળ છે. કોઈ શુભ સમાચાર મળવાથી તમે તમારી અંદર આત્મવિશ્વાસ અને એક નવી ઊર્જા અનુભવ કરી શકો છો.

કુંભ(ગ,સ,શ,ષ): કોઈ શુભ સમાચાર મળવાથી તમે તમારી અંદર વિશ્વાસ અને એક નવી ઊર્જા અનુભવ કરી શકો છો. અચાનક જ કોઈ અપરિચિત વ્યક્તિ સાથે મુલાકાત તમને કોઈ નવી દિશા આપી શકે છે.

મીન(દ,ચ,ઝ,થ): આજે તમારી મુખ્ય કોશિશ બધા કાર્યોને યોજનાબદ્ધ રીતે પૂર્ણ કરવાનો રહેશે. ધાર્મિક તથા અધ્યાત્મિક ગતિવિધિઓમાં પણ રસ વધશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# લીમખેડાના ગોરીયા ગામ ગરનાળા પાસે ટ્રેનમાં મુસાફરી કરતી યુવતિનો મૃતદેહ મળતાં પોલીસ તપાસ શરૂ કરાઈ

લીમખેડા,
લીમખેડા તાલુકાના ગોરીયા ગામે ગરનાળા પાસેથી મધ્યપ્રદેશના ઉજ્જૈનની ૨૩ વર્ષીય યુવતીની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. જોકે અમદાવાદથી ટ્રેન મારફતે ભોપાલ જઈ રહેલી આ યુવતી ગરનાળા પાસે કેવી રીતે પહોંચી? યુવતીએ ચાલુ ટ્રેને પડતું મૂક્યું? કે પછી કોઈકે આ યુવતીને ટ્રેનમાંથી ધક્કો માર્યો તે હાલ તપાસનો વિષય બની જવા પામેલ છે. ત્યારે સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ લીમખેડા પોલીસે આ યુવતીનું પેનલ પીએમ કરાવ્યાનું જાણવા મળેલ છે.



અમદાવાદથી ટ્રેન મારફતે ભોપાલ જતી ટ્રેનમાં મુસાફરી કરતી ૨૩ વર્ષીય યુવતી ગરનાળામાં કેવી રીતે પડી? ઘુંટાતું રહસ્ય.

મધ્યપ્રદેશના અનુપપુર જિલ્લાના સ્ટાફ કોલોનીના રહેવાસી રામકિશોર તિવારીની ૨૩ વર્ષીય પુત્રી સુપ્રીયા ગુજરાતના કચ્છ જિલ્લાના મુદ્રા જૈનનગરના રહેવાસી તેમજ વ્યવસાયે ઈન્જીનીયર બનેવી રાજેશ શિવપાલ દ્વિવેદીના ઘરે ગઈ હતી જ્યાંથી ગતરોજ ૦૨.૦૩.૨૦૨૧ ના રોજ સડક મારફતે અમદાવાદ ખાતે આવી હતી. જ્યાંથી ટ્રેન નંબર ૦૧૪૬૩ સોમનાથ જબલપુર એક્સપ્રેસના કોચ નંબર B2 ના ૩૩ નંબરની સીટ પર રિઝર્વેશન કરાવી ભોપાલ તરફ જવા રવાના થઈ હતી. જે બાદ આ યુવતી ક્યાંક ગુમ થઈ ગઈ હતી. તેમજ તેનો આઈકાર્ડ, આધારકાર્ડ સહિતનો સમાન સીટ પરથી મળી આવી હતી.ત્યારબાદ ગુમ થયેલી સુપ્રીયાના બનેવીએ રતલામ RPF સહીત રેલવેની સંલગ્ન વેબસાઈટ પર સુપ્રીયાની ગુમ થયાની ફરિયાદ કરી હતી. જોકે સુપ્રીયાનો કોઈ અતોપત્તો હાથ લાગ્યો નહોતો જોકે ત્યારબાદ પણ સીસીટીવી કેમેરાની ફૂટેજોમાં પણ કઈ જાણવા મળ્યું નહોતું.ત્યારે સુપ્રિયા ખરેખર ક્યા ગુમ થઈ ગઈ?તેને લઇ પરિવારજનો સહિત પોલીસ પણ અચંબામાં મૂકાઇ ગઈ હતી. જોકે લીમખેડા તાલુકાના ગોરીયા ગામ નજીક આવેલા બોરિયાલા રેલવે ગરનાળા પાસે ગઈકાલે સવારે સ્થાનિક લોકો પસાર થતાં તેઓની નજર એક મૃતક યુવતી પર પડતા તેઓએ ગામના સરપંચને જાણ કરતા સરપંચે લીમખેડા પોલીસનો સંપર્ક કર્યો હતો. આ ઘટનાની જાણ બાદ લીમખેડા પોલિસે આ યુવતીની લાશનો કબ્જો મેળવી પીએમ કરવા માટે સ્થાનિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપી શોધખોળ હાથ ધરતા ટ્રેનમાંથી ગુમ થયેલી સુપ્રીયા હોવાનું બહાર આવ્યું હતું.

## સુપ્રીયાએ ચાલુ ટ્રેને પડતું મૂક્યું?કે કોઈકે ધક્કો માર્યો? ઘુંટાતું રહસ્ય

મુન્દ્રા થી ભોપાલ જવા નીકળેલી સુપ્રીયા સોમનાથ જબલપુર એક્સપ્રેસના કોચ નંબર B2 ના ૩૩ નંબરની સીટ પર મુસાફરી કરી હતી.ત્યારે આ ટ્રેન લીમખેડાથી આગળ વધી રહી હતી. ત્યારે અંધારી રાતમાં એવી તો શું ઘટના બની?કે સુપ્રીયા સીટ પરથી રેલવેના ગરનાળામાં મૃતક અવસ્થામાં ગરનાળા સુધી પહોંચી? શું સુપ્રીયાએ કોઈક કારણોસર ચાલુ ટ્રેને પડતું મૂક્યું? અથવા અંધારી રાતમાં કોઈકે પોતાની મેલી મુરાદ પુરી પાડવા આ સુપ્રીયાને ચાલુ ટ્રેને ધક્કો માર્યો? જે ખરેખર ઘુંટાતું રહસ્ય છે. જોકે રેલવે પોલિસ સહીત લીમખેડા પોલીસ આ ઘટનાની તપાસમાં જોતરાઈ હોવાનું જાણવા મળેલ છે.

## પીએમ રિપોર્ટ પછી મોતનું સાચું કારણ બહાર આવશે

સોમનાથ જબલપુર એક્સપ્રેસ મુસાફરી કરી રહેલી ૨૩ વર્ષીય સુપ્રિયાની લાશ રેલવે ગરનાળા પાસેથી મળી આવી હતી. લીમખેડા પોલીસને થતા લીમખેડા પોલીસે સમગ્ર મામલાને ગંભીરતાથી જોઈ સુપ્રિયાની મોત અંગેનો સાચો કારણ જાણવા પેનલ પીએમ કરાવ્યું હતું. જોકે તપાસ કરનાર અધિકારીએ જણાવ્યું હતું કે પ્રથમ દર્શનીય રીતે આશરે 30 થી ૪૦ ફૂટ ઉપરથી પડ્યા બાદ આ યુવતી મોતને ભેટી હશે. પરંતુ મોતનું સાચુ કારણ પેનલ પીએમ રિપોર્ટ બાદ જ બહાર આવશે અને આગળની તપાસમાં સમગ્ર પ્રકરણમાં સઘળી હકીકત બહાર આવશે તેવું આશાવાદ વ્યક્ત કર્યો હતો.

**તપાસ અધિકારી (લીમખેડા પોલીસ મથક)**

# દે.બારીઆના સિવિલ સરકારી હોસ્પિટલના કોન્ટ્રાકટના બેજ ઉપર કામ કરતા કર્મીઓનો પગાર કોણ આપશે અને ક્યારે મળશે ?

દે.બારીઆ,
દે.બારીઆ સિવિલ હોસ્પિટલના નાનામાં નાના કર્મચારીઓનું પગાર નવેમ્બર ૨૦૨૦ થી ફેબ્રુઆરી ૨૦૨૧ સુધીનું બાકી બોલે છે. જેથી આ નાના કોન્ટ્રાકટ બેજના આયા, સ્વીપર, પ્યુન, ડ્રાયવર જેવા અનેક કર્મીઓનું પગાર ના મળતા તેઓની દયનીય સ્થિતીનું નિર્માણ ખુદ કોન્ટ્રાકટરે કર્યું છે. ગ્રાન્ટનો અભાવ હોય તો કોન્ટ્રાકટ બંધાયેલો છે કે તેમને પેસ્ગી પેટે એડવાન્સ આપે પરંતુ કોન્ટ્રાકટર સ્થાનિક તથા તે બહારનો હોવાથી તે અહીંયા આંટો મારવા પણ આવતો નથી.

મળતી માહિતી મુજબ દે.બારીઆ સરકારી હોસ્પિટલના કોન્ટ્રાકટ બેજ ઉપર સેવા આપતા કર્મીઓનું પગાર ચાર માસથી ના થયું હોય તો તેઓની કેવી કફોડી હાલત હશે તે તેઓનું જાણે છે. તા.૧૧/૩/૨૧ ગુરૂવારના રોજ મહાશિવ રાત્રીનું મહાપર્વ આવતો હોય તેમજ દાહોદ જેવા આદિવાસી બહુ સંખ્યક વસ્તી ધરાવતો જીલ્લામાં હોળીના પર્વને મુખ્યપર્વ તરીકે ઉજવણી થાય છે. જેમાં ઘર ગરસ્તી વસ્તુઓમાં કપડા-રાશન શું ?ના જોઈએ તે ઉચ્ચપદપર બેસેલા અધિકારીઓ નાના કર્મચારીઓનું પગાર સામે આવતા તહેવારો જોઈ નકર આયોજન કરે અને આવા કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટમાં કેમના મુકવો જોઈએ કે જે કોન્ટ્રાકટર ઉપર લાખો કમાય છે. તો તેમના નિયમિત પગાર આપવાની જવાબદારી કોન્ટ્રાકટરની હોય છે. તેવું આમ કર્મીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

# દાહોદ જીલ્લામાં બીજેપીએ મેળવેલ જીત વિધાનસભામાં ફાયદો કરવાનો બીજેપી ને વિશ્વાસ

દાહોદ,
દાહોદ જિલ્લામાં કોંગ્રેસ કંગાળ સ્થિતિમાં આવી ગઈ છે. કારણ કે તાલુકા પંચાયતની ૮૩ ટકા અને જિલ્લા પંચાયતની ૮૬ ટકા બેઠકો પર ભાજપે કબ્જો કરી લીધો છે. ત્યારે ભાજપે વિધાનસભાની સેમીફાઈનલમાં મેળવેલી આ પ્રચંડ જીત ૨૦૨૨ ની ફાઈનલમાં કોંગ્રેસને કલીન બોલ્ડ કરી દેશે તેવો આત્મ વિશ્વાસ ભાજપાના કાર્યકરો નોતાઓ વ્યક્ત કરી રહ્યા છે. કારણ કે મુખ્યત્વે દાહોદ વિધાનસભા બેઠક કબ્જે કરવાનુ ભાજપાનું વર્ષો પુરાણું સ્વપન છે.

દાહોદ જિલ્લા પંચાયતમાં થયેલો કરૂણ રકાસ કોંગ્રેસીઓ હજીએ સ્વીકારવા તૈયાર નથી. કારણ કે ૫૦માંથી માત્ર ૬ બેઠકો જ મળતાં ૨૦ બેઠકોનું સીધુ નુકસાન થયુ છે. જેથી જિલ્લા પંચાયતમાં સત્તાના સપના દેખનારા કોંગ્રેસીઓને ધોળે દિવસે તારા દેખાઈ ગયા છે. જિલ્લા પંચાયતની ૮૬ ટકા બેઠકો પર કમળ ખીલી ગયુ હોવાથી વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસ જિલ્લામાં કરમાઈ જાય તો નવાઈ પામવા જેવું નહીં હોય.

તેવી જ રીતે દાહોદ જિલ્લામાં કોંગ્રેસ માટે હવે આગામી સમયમાં કપરાં ચઢાણ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. કારણ કે દાહોદ જિલ્લાની ૯ તાલુકા પંચાયતોની કુલ ૨૩૮ બેઠકોમાંથી ભાજપે ૧૯૮ બેઠકો પર વિજય પતાકા લહેરાવી છે. આમ જિલ્લામાં ૮૩ ટકા બેઠકો પર ભાજપાનો કબ્જો છે. જિલ્લા પંચાયતમાં પણ ભાજપે ૪૩ બેઠકો સાથે કલીન સ્વીપ કરી દીધી છે ત્યારે વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસ માટે લોઢાનાં ચણા ચાવવા જેવો સમય આવી ગયો હોય તેમ લાગી રહ્યુ છે.

જિલ્લામાં વિધાનસભાની કુલ ૬ બેઠકો છે. તેમાંથી ત્રણ કોંગ્રેસ પાસે અને ત્રણ ભાજપ પાસે છે.જેમાં દાહોદ,ગરબાડા અને ઝાલોદ બેઠક પર કોંગ્રેસના ધારાસભ્યો વિજેતા થયા હતા જ્યારે લીમખેડા,દેવગઢ બારીયા અને ફતેપુરા બેઠક પર ભાજપાના ધારાસભ્યો ચુંટાયેલા છે. હવે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીને જોતાં જે ત્રણ બેઠકો કોંગ્રેસના કબ્જામાં છે તે તમામ વિસ્તારોમાં ભાજપે કોંગ્રેસના સુપડાં સાફ કરી દીધા છે.જેથી આગામી વિધાનસભાની ચુંટણીમાં ભાજપ જિલ્લાની તમામ બેઠકો પર વિજય મેળવવા પ્રયત્ન કરશે તે નિશ્ચિત છે.

# દાહોદ સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં કોંગ્રેસની હાર બાદ EVM પર હારનું ઠીકરું ફોડયું

દાહોદ,
દાહોદ જિલ્લામાં કોંગ્રેસ રીતસર હાંસિયામાં ધકેલાઈ ગઈ છે.જેથી મોટાભાગના કોંગ્રેસીઓ હારનુ ઠીકરૂં ઈવીએમના માથે ફોડી રહ્યા છે. તે પ્રમાણે લીમખેડામાં ઈવીએમ દુર કરી બેલેટ પેપરથી મતદાન કરાવવા માટે એસડીએમને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતું. આવનાર સમયમાં આ માંગણી ઝુંબેશનું સ્વરૂપ પણ લઈ શકે છે.

દાહોદ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ ૨૬ બેઠક પરથી ૬ બેઠકો પર આવી ગઈ છે અને ભાજપા ૨૪ પરથી ૪૩ બેઠકો પર પહોંચી ચુકી છે.તેવી જ રીતે જિલ્લાની ત્રણ તાલુકા પંચાયતો કોંગ્રેસ પાસેથી ભાજપે આંચકી લીધી છે અને જિલ્લામાં ૯ તાલુકા પંચાયતોમાં ૨૩૮ પૈકી ૧૯૮ પર કમળે કબ્જો જમાવી દીધો છે. જેથી સ્વાભાવિક રીતે જ કોંગ્રેસીઓને આવી કારમી હારથી કળ વળતી નથી. જેથી હવે ઈવીએમ દ્વારા ગેરરિતી કરાતી હોવાનો સૂર ઉઠી રહ્યો છે.

લીમખેડા તાલુકા પંચાયતમાં ૫મ કોંગ્રેસની ભૂંડી હાર થઈ છે. ભાજપાનો ગઢ ગણાતા આ વિસ્તારમાંથી સાંસદ કેટલાયે વર્ષો સુધી ધારાસભ્ય પદે ચુંટાતા રહ્યા છે અને હાલ તેમના ભાઈ જ ધારાસભ્ય છે. વર્ષોથી લીમખેડા તાલુકા પંચાયતમાં ભાજપાનુ શાસન છે. ત્યારે આ વખતે પણ ભાજપે ૨૪ માંથી ૨૩ બેઠકો જીતી લીધી છે. તેના કારણે તાલુકાના કોંગ્રેસીઓ ઈવીએમને કારણે પરાજય થયો હોવાનો આક્ષેપ લગાવી રહ્યા છે.

લીમખેડા તાલુકાના કોંગ્રેસી કાર્યકરો જણાવે છે કે અમારા કાર્યકરો, સગા સંબંધીઓના વોટ ક્યાં ગયા.કોઈ જગ્યાએ ૫૦ કે ૧૦૦ વોટનો તફાવત બતાવો. તેમ જણાવી બેલેટ પેપરથી ફરીથી ચુંટણી કરવાની માંગ સાથે લીમખેડા તાલુકાના એસડીએમને આવેદન પત્ર સુપ્રત કર્યુ હતું. કોંગ્રેસીઓએ રાજ્ય અને કેન્દ્ર સરકારને ખુલ્લો પડકાર ફેંકી બેલેટ પેપરથી ચુંટણી કરાવવાની માંગ કરી હતી.

# દાહોદના ૫૭ ગામોના ૩૧૯૭૭ ઘરો સુધી ૨૯.૬૪ કરોડને ખર્ચે પહોંચશે પીવાનું શુદ્ધ પાણી

દાહોદ,
જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે જિલ્લા જળ અને જાહેર સ્વચ્છતા સમિતિની બેઠક કલેક્ટર વિજય ખરાડીની અધ્યક્ષતામાં યોજાઇ હતી. બેઠકમાં કલેક્ટરએ જિલ્લાના કુલ ૫૭ ગામોના ૩૧૯૭૭ ઘરને નલ સે જલ યોજના અંતર્ગત કનેક્શન માટે વહીવટી મંજૂરી આપી છે. છ મહિનામાં યોજના પૂર્ણ કરવાના લક્ષ્યાંક સાથે આ યોજના અંતર્ગત અંદાજે ૨૯.૬૪ કરોડ જેટલી રકમ ખર્ચવામાં આવશે.



બેઠકમાં કલેક્ટર ખરાડીએ જણાવ્યું કે, જિલ્લાના તમામ ગામોને નલ સે જલ યોજના અંતર્ગત આવરી લેવા માટેની કામગીરી ઝડપથી પૂર્ણ કરવી તેમજ ગામના દરેક ઘરને પીવાનું શુદ્ધ અને સ્વચ્છ પાણી મળી રહે તે આપણી મહત્વની પ્રાથમિકતા છે.

નલ સે જલ યોજના અંતર્ગત ૯ તાલુકાના કુલ ૫૭ ગામોમાં પીવાનું શુદ્ધ પાણી માટે ઘર દીઠ કનેક્શન અપાશે. આ માટે વિવિધ જૂથ યોજના જેવી કે હાફેશ્વર, કજેટા પીપેરો, ભાણા સિમલ, માછણનાળા, હિરોલો વગેરેને સોર્સ તરીકે ઉપયોગ કરવામાં આવશે. તેમજ આ માટે જરૂરી પાઈપલાઈન, પમ્પીંગ મશીનરી વગરેની કામગીરી કરીને ૫૭ ગામોના કુલ ૩૧૯૭૭ ઘરો સુધી નળ કનેકશન પહોંચાડવાની કામગીરી વાસ્મો દ્વારા કરવામાં આવશે. વર્ષ ૨૦૨૦-૨૧ અંતર્ગત સમાવિષ્ટ આ યોજના હેઠળ અંદાજે રૂ.૨૯.૬૪ કરોડ ખર્ચવામાં આવશે. બેઠકમાં જિલ્લા જળ અને જાહેર સ્વચ્છતા સમિતિના સભ્યઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# નિવૃત થઈ પોતાના વતને આવતા માજી સૈનિકોનું ભવ્ય સ્વાગત



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જિલ્લાના બે સૈનિક કનુભાઈ અને ધાનપુર તાલુકાના નિનામાં લક્ષ્મણભાઈ નિસ્થાપૂર્વક દેશની સેવામાં કાર્યકત રહ્યા હતા. જે આર્મી વીભાગમાંથી ફરજ પૂર્ણ કરીને નિવૃત થઈ પોતાના વતન દાહોદ આવતા તેમને ફરજ નિષ્ઠાને બિરદાવવા દાહોદ જિલ્લા માજી સૈનિક સંગઠનના હોદ્દેદારો તેમજ ટ્રેનિંગ કરતા યુવક યુવતીઓ .પરિવાર જનો અને ટ્રાયબલ સેના સામાજિક એકતા સંગઠન દ્વારા નિવૃત સૈનિકોનું ભવ્ય સ્વાગત કરી ફુલમાળા પહેરાવી ને સ્વાગત કરવામાં આવ્યું અને .દાહોદ ના રેલ્વે સ્ટેશન થી શહેરના માર્ગો પર DJ સાથે રાધે ગાર્ડન સુધી વરઘોડો કાઢવામાં આવ્યું હતું જેમાં મોટી સઁખ્યામાં માજી સૈનિક સંગઠનના હોદ્દેદારો પરિવાર જનો તેમજ ટ્રેનિંગ કરતા યુવક યુવતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગરબાડાના નઢેલાવ ગામે ચુંટણીની અદાવતે ૯ ઈસમો એ ઢીંગાણું મચાવતા ફરિયાદ

ગરબાડા,
ગરબાડા તાલુકાના નઢેલાવ ગામે ચુંટણી અદાવતે ૦૯ જેટલા શસ્ત્ર ધારી ઈસમોએ ચાર જણાને લાકડી વડે, પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં વિસ્તારમાં ભયનો માહોલ સર્જાવા પામ્યો હતો.

સ્થાનીક સ્વરાજયની ચુંટણી પુર્ણ થતાં દાહોદ જિલ્લામાં ચુંટણીની અદાવતે ઝઘડા-તકરારોના બનાવો તેમજ મારામારીના બનાવો પણ સામે આવી રહ્યાં છે. છેલ્લા બે દિવસની અંદર જિલ્લામાં ચારથી વધુ ચુંટણી અદાવતે મારામારીના તેમજ લુંટના બનાવો બની ચુક્યાં છે. ત્યારે વધુ એક બનાવમાં ગરબાડા તાલુકાના નઢેલાવ ગામે ગતરોજ ગામમાંજ રહેતા જવસીંગભાઈ લાલુભાઈ મિનામા, સવસીંગભાઈ લાલુભાઈ નિનામા, ખેમચંદભાઈ ઉર્ફે ખેમાભાઈ માલુભાઈ નિનામા, સંજયભાઈ સવસીંગભાઈ મિનામા, મેહુલભાઈ જવસીંગભાઈ મિનામા, ખુમાનભાઈ ઉર્ફે ખુમો નગરાભાઈ મિનામા, મકનાભાઈ વીરસીંગભાઈ મિનામા, જસવંતભાઈ ઉર્ફે જેશુ લાલુભાઈ મિનામા, સમસુભાઈ તીતરીયાભાઈ મિનામા વિગેરેનાઓએ એકસંપ થઈ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી પોતાના જ ગામમાં રહેતા નિલશભાઈ, કલ્પેશભાઈ, ગોવિંદભાઈ અને રાજેશભાઈનાઓની પાસે આવી બેફામ ગાળો બોલવા લાગ્યા હતા અને કહેવા લાગેલ કે, તને અમોએ ચુંટણીમાં હરાવી દીધેલ છે અને તને પણ ગામમાં રહેવા દઈએ નહીં, તેમ કહી ઉપરોક્ત નવ જણાએ લાકડી વડે, ગડદાપાટ્ટુનો માર તેમજ છુટ્ટા પથ્થરો વડે, નિલેશભાઈ, કલ્પેશભાઈ, ગોવિંદભાઈ અને રાજેશભાઈને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી ચીચીયારીઓ કરી ગામમાં ભયનો માહોલ પેદા કર્યો હતો.

આ સંબંધે નઢેલાવ ગામે બુરવા ફળિયામાં રહેતા શનુભાઈ માનાભાઈ પરમારે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

# દેવગઢ બારીયાની એસ.આર. હાઈસ્કુલના બે શિક્ષકોને કોરોના પોઝીટીવ

## બાળકોને શાળા એ મોકલવા કે નહિ તે અંગે વાલીઓમાં દ્વિધા

દે.બારીયા,
દે.બારીયાની મા.શાળા એસ.આર. હાઈસ્કુલમાં બે શિક્ષકોનો કોરોનાનો કેસ પોઝીટીવ આવતા શાળા વર્તુળમાં ચિંતાનું કારણ બન્યું છે. જોકે આ બે કોરોનાગ્રસ્ત શિક્ષકોને રજા આપવામાં આવી છે.

કોરોનાનું સંક્રમણ છેલ્લા બે-ત્રણ માસથી અટક્યુ હતું. જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં કેસનું પ્રમાણ નહિવત થતા એક તબક્કે એવું માનવામાં આવતું હતું કે, હવે કોરોનાએ વિદાય લીધી છે. તેમાંય દાહોદ જીલ્લાના દે.બારીયામાં કોરોનાનું પ્રમાણ ઘટતા લોકોમાં હાશકારો વ્યાપ્યો હતો અને લોકો પૂર્વવત પોતાના કામ ધંધામાં પરોવાઈને રોજીંદા કામોથી જીવનધોરણ શાંતિપૂર્ણ આગળ ધપી રહ્યું હતું. ત્યારે અગાઉ એક વર્ષથી બંધ રહેલ શાળાઓને ધીરેધીરે ખૂલવામાં આવી રહી છે. ખાસ કરીને માધ્યમિક વિભાગને ખોલવામાં આવતાં શરૂઆતમાં સમગ્ર ગુજરાત સહિત દાહોદ જીલ્લામાંથી વાલીઓ પણ વિરોધ કરીને ઓનલાઈન અભ્યાસ ચાલુ રાખવાની માંગ કરી રહ્યા હતા. કારણ કે, જો શાળાઓ ખોલવામાં આવે તો ભીડભાડના કારણે કોરોનાનું સંક્રમણ ફેલાવવાની દહેશત સેવીને નાના ભૂલકાંઓનું સ્વાસ્થ્ય બગાડવાની ચિંતા સેવીને વાલીઓ પણ દ્વિધાભરી સ્થિતીમાં મુકાયા હતા. ત્યારે હવે વર્ગોમાં બાળકો અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે દેવગઢ બારીયામાં આવેલી એસ.આર. હાઈસ્કુલમાં ફરજ બજાવતા પરાગ અને બંટી નામક બે શિક્ષકોની તબીયત નાદુરસ્તી રહેતા તેઓએ પરિક્ષણ કરાવાતા તેઓને કોરોના પોઝીટીવ આવતા ચિંતાનું કારણ બન્યું હતું. બે શિક્ષકોને પોઝીટીવ કોરોનાનો કેસમાં સપડાતા વાલીઓ પણ ચિંતા સેવીને પોતાના બાળકોને શાળામાં મોક્લવો કે નહી જો હાલમાં કોરોનાનું સંક્રમણ વધતું જતુ હોવાથી લોકોમાં તેમાં વાલીઓમાં ચિંતા વ્યાપી છે. જોકે, કોરોના અને સરકારની ગાઈડ લાઈન પ્રમાણે કોરોનામાં સપડાયેલા બે શિક્ષકોને તાત્કાલીક અસરથી સંચાલક મંડળે રજા ઉપર ઊતારી દેવામાં આવતાં ચિંતા ટળી હતી. ત્યારે અન્ય સ્ટાફ પણ કોરોનાનો ટેસ્ટ કરાવે તે જરૂરી બન્યું છે.

# GPSCની રાજય વેરા નિરિક્ષકની પરીક્ષાને પગલે કેન્દ્ર આસપાસ પ્રવેશ ઉપર પ્રતિબંધ

દાહોદ,
ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી તા. ૭ માર્ચ, ૨૦૨૧ના રોજ લેવાનારી રાજય વેરા નિરિક્ષક વર્ગ -૩ ની ભરતી સંબધી પરીક્ષાઓને પગલે દાહોદના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા બે જાહેરનામા પ્રસિદ્ધ કરી કેટલાક પ્રતિબંધક આદેશો જારી કરવામાં આવ્યા છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એમ. જે. દવે દ્વારા એવા પ્રકારનો આદેશ જારી કરવામાં આવ્યો છે કે, તા. ૭ માર્ચ, ૨૦૨૧ના રોજ લેવાનારી પરીક્ષાઓ જે કેન્દ્ર ઉપર લેવામાં આવનાર છે, તેની આસપાસની સો મીટર વિસ્તારમાં પરીક્ષાના સમય પૂર્વે અડધી કલાક અને પૂર્ણ થયા બાદના એક કલાક સુધી, એટલે કે સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી બિનઅધિકૃત વ્યકિતએ પ્રવેશ કરવો નહી કે એકત્ર થવું નહીં. પરીક્ષા કેન્દ્રના ૧૦ મિટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશ કરવો નહીં. પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારના વાજિંત્ર વગાડી શકાશે નહીં.

બીજા જાહેરનામામાં પરીક્ષા કેન્દ્રો પાસે સો મિટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્સ, કોપીયર મશીન તા. ૭ માર્ચ, ૨૦૨૧ના રોજ સવારના નવ વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધી બંધ રાખવા માટે આદેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓ મોબાઈલ ફોન વગેરે પ્રત્યાંયનના સાધનો લાવી શકશે નહી. પરીક્ષા કેન્દ્ર આસપાસ સવારના ૧૦.૩૦ થી ૧.૩૦ વાગ્યા દરમિયાન માઈક વગાડી શકાશે નહી.

# દાહોદ જિલ્લાના લીમડી ગામના નિવાસી સુરભિ સોનીએ PHDની પદવી મેળવી

લીમડી,
લીમડીના સ્વર્ણકાર પિતા રાજેન્દ્રકુમાર સોનીએ સાચા જોહરી બની પોતાની પુત્રીની પ્રતિભા પારખીને પી.એચ.ડી. કરવાની પ્રેરણા આપતા 'સર્વિસ ક્વોલિટી એન્ડ કસ્ટમર



સેટિસ્ફેકશન ઈન ગોલ્ડ જવેલરી ઈન્ડસ્ટ્રી એન ઈમ્પિરિકલ સ્ટડી' જેવો કઠીન અને પડકાર રૂપ વિષય સ્વીકારીને સરદાર પટેલ યુનિ.માંથી પી.એચ.ડી.ની પદવી મેળવીને સામાજિક ઉત્તરદાયિત્વ પણ નિભાવી લીમડી સહિત સમગ્ર દાહોદને ગૌરવ બક્ષ્યું છે.

# ફતેપુરાના હીંગલા ગામે ચુંટણી મતદાનના દિવસે ૨૦ જેટલા ઈસમો તકરાર કરી ગાડીને નુકશાન કરી ચોરી કરી જતાં ફરિયાદ

ફતેપુરા,
ફતેપુરા તાલુકાના હીંગલા ગામે ૨૮મી ફેબ્રુઆરીના રોજ સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીના મતદાનના દિવસે ઈનોવા ગાડીમાં સવાર થઈ ગેરકાયદે મંડળી બનાવી આવેલ ૨૦ જેટલા ઈસમોએ મતદાન મથકે આવી ત્યાં હાજર એક વ્યકિત તેમજ તેમના માણસો સાથે ઝગડો તકરાર કરી તેઓની ગાડીઓના કાચ તોડી તેમજ ગાડીમાં મુકી રાખેલ રોકડા રૂપીયા ૨૦,૦૦૦ની ચોરી કરી તોફાની તત્વો નાસી જતાં પોલીસે ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે. ફતેપુરાના હિંમલા ગામે રહેતા કાળુભાઈ માનસીંગભાઈ કટારા, દિનેશભાઈ ચુનિયાભાઈ કટારા, ચેતનભાઈ માનસીંગભાઈ કટારા, સમસુભાઈ જગાભાઈ સંગાડ, બકુલભાઈ રમેશભાઈ કટારા, કાનજીભાઈ બદીયાભાઈ મછાર, ગજેન્દ્રભાઈ કાનજીભાઈ સંગાડ, સુભાષભાઈ રમેશભાઈ કટારા તથા તેમની સાથે બીજા વીસેક જેટલા ઈસમોનું ટોળું ગત તા.૨૮મીના રોજ મતદાનના દિવસે હીંગલા મુખ્ય પ્રાથમીક શાળાના મતદના મથકે આવ્યાં હતા અને અજયકુમાર પ્રતાપસિંહ કટારા તથા તેમની સાથેના માણસો પાસે આવી બેફામ ગાળો બોલી, કહેવા લાગેલ કે, તમોએ કેમ ઉમેદવારી નોંધાવેલ અને અહીંયા કેમ આવેલ છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ પથ્થર મારો કર્યો હતો. આ પથ્થર મારામાં ઈનોવા ગાડીના કાચ તોડી નાંખ્યા હતા અને ગાડીમાં ગીયર બોક્ષની બાજુના ખાનામાં મુકી રાખેલ રોકડા રૂપીયા ૨૦,૦૦૦ ની ચોરી કરી લઈ આ ટોળુ સ્થળ પર ભારે ધાંધલ ધમાલ કરી નાસી જતાં બુથ મથકે ભયનો માહોલ સર્જાઈ ગયો હતો તે સમયે ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ કાફલો પણ દોડી ગઈ હતો અને પરિસ્થિતિને કાબુમાં લીધી હતી. આ બાદ ગતરોજ આ સંબંધે અજયકુમાર પ્રતાપસિંહ કટારાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

# દે.બારીઆના રૂવાબારી ગામે ડાકણના વ્હેમે હત્યા કરાયાના સંદર્ભે કોર્ટ દ્વારા આજીવન કેદની સજા

લીમખેડા,
દે.બારીઆ તાલુકાના રૂવાબારી મુવાડા ગામના નવલસિંહ બારીયા તથા તેના સગીર પુત્રએ એકબીજાની મદદગારીથી પરિવારની મહિલા મંગીબેન સાયબાભાઈ બારીયાની ગત ૯ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ ડાકણનો વ્હેમ રાખી તલવારના ઘા ગળામાં તથા શરીરે મારી મોતને ઘાટ ઉતારી હત્યા કરી હતી. બનાવ સંદર્ભે સગીર પુત્ર તથા પિતા નવલસિંહ બારીયા વિરુદ્ધ દે.બારીઆ પોલીસ મથકમાં હત્યાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ તપાસ બાદ હત્યાના ગુનાનો કેસ લીમખેડાના ચોથા એડિશનલ સેશન્સ જજ પી.પી.પુરોહિતની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ શૈલેષભાઈ તડવીની ધારદાર દલીલોને ધ્યાનમાં લઈ લીમખેડા કોર્ટે હત્યાના આરોપી નવલસિંહ બારીયાને તકસીરવાર ઠેરવી આજીવન કેદ તથા ૧૦ હજાર રૂ.નો દંડ તેમજ દંડ ન ભરે તો વધુ ત્રણ વર્ષથી સાદી કેદની સજાનો હુકમ ફરવામતા લીમખેડા કોર્ટ સંકુલમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 164

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# કાલોલ ઘુસર ગામે ગોમા નદીમાં રેતી ખનન માફિયાઓનો મેળો : તંત્ર અજાણ ?

કાલોલ,

કાલોલ તાલુકાના ઘુસર ગામ પાસેથી પસાર થતી ગોમા નદીમાંથી ખનિજ માફિયાઓ દ્વારા બેફામ રેતીનું ખનન કરવામાં આવતું હોય છતાં ખાણ-ખનિજ વિભાગ કે તંત્ર દ્વારા કાર્યવાહી કરાતી નથી. જેને લઈ ઘુસર સરપંચ દ્વારા ગોમા નદીમાં થતી રેતી ખનનનો વિડીયો બનાવી ફેસબુક ઉપર વાયરલ કરતાં હડકંપ મચી જવા પામ્યો છે.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ તાલુકા માંથી પસાર થતી ગોમા નદી માંથી બેરોકટોક રીતે ખનિજ માફિયાઓ રેતી ખનન કરતા હોય છે. ગોમા નદી માંથી થતા રેતી ખનન ને રોકવાના પ્રયાસો માત્ર ખનિજ વિભાગ દેખાવ પુરતા કરતા હોય તેમ લાગી રહ્યું છે. કારણ કે ગોમા નદી માંથી થતી રેતી ખનન ઉપર રોક લગાવવામાં ખનિજ વિભાગ અને તંત્ર નિષ્ફળ નિવડેલ છે. કાલોલના ઘુસર ગામની સીમ માંથી પસાર થતી ગોમા નદીના પટ માંથી રેતીનું ગેરકાયદેસર ખનન કરવામાં આવી રહ્યું છે. અવારનવાર રજુઆતો થતાં તંત્ર કે ખાણ-ખનિજ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવતી નથી. જેને લઈ દિનપ્રતિદિન ખનિજ માફિયાઓ બેફામ બનતા હોય છે. ત્યારે ઘુસર ગોમા નદીના પટમાંથી રેતી ખનન કરાતી હોય તેવા વિડીયો સરપંચ બનાવીને તંત્ર દ્વારા કાર્યવાહી કરાતી નથી. તેવા આક્ષેપ સાથે ફેસબુક ઉપર વાયરલ કરી દેતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

## ખનિજ માફિયાઓથી લોકોને ડર...

વર્ષોથી ગોમા નદી એક રેતી માટે સોનાની ખાણ સમાન છે. અહીં મોટા પ્રમાણમાં રેતી આવતી હોવાથી સરકાર અને ભૂમાફિયાઓની નજર મંડાય છે. અને રાત-દિવસ ખનિજ માફિયાઓ પાસની આડમાં મંજૂરી કરતા વધુ પ્રમાણમાં રેતીનું ખનન કરી રહ્યા છે. છેલ્લા લાંબા સમય થી ઘુસર વિસ્તારમાં રાત-દિવસ ટ્રેકટર તથા ટ્રકો ભરીને રેતી ભરીને વાહનો પસાર થાય છે. પરંતુ સરપંચ કે સ્થાનિક લોકો આ ગેરકાયદે હેરાફેરી કરનાર સામે કોઈ ઉચ્ચારણ કે રજૂઆત કરી શકતા નથી અને ખનિજ માફિયાઓનો ડર પ્રજાને સેવાઈ રહ્યો છે. એટલું જ નહિ તંત્ર પણ આ રેતી માફિયાઓથી ડરી રહ્યા છે.

## બીજા દિવસ થી હેરાફેરી શરૂ થઈ જાય છે

કાલોલ તાલુકા પાસેથી પસાર થતી ગોમા નદીમાંથી બેરોકટોક રેતીનું ખનન થતું હોય છે. ગેરકાયદે પ્રમાણે રેતીની હેરાફેરી થતી રહે છે. તંત્ર માત્ર દેખાડો કરીને સામાન્ય કાર્યવાહી કરી છે. અને બીજા દિવસે આ વિસ્તારમાં રાત-દિવસ ટ્રેકટરો તથા ટ્રકો ભરીને રેતી પસાર કરવામાં આવીને ખાણ અને ખનિજ વિભાગ જાણે બીજા દિવસે મંજૂરી આપી દેવાઈ હોવાનું જોવા મળે છે. ઘુસર ગામમાં આ ટ્રેકટરો તથા ટ્રકોની હેરાફેરી બંધ કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

## તંત્ર દ્વારા કાર્યવાહી ન થતી હોવાના આક્ષેપ સાથે સરપંચએ વિડીયો વાયરલ કરતાં હડકંપ

# શરૂ થયેલ ગોધરા-વડોદરા મેમુ ટ્રેન માટે માસિક સીઝન ટીકિટ આપવા માંગ

ગોધરા,

લાંબા સમય થી રેલ મંત્રાલય દ્વારા બંધ કરાયેલ ગોધરા-વડોદરા મેમુ હાલ ચાલુ કરવામાં આનંદ વ્યાપી ગયો છે. પરંતુ આપવામાં આવે તો અપડાઉન કરનારા નોકરીયાત વર્ગ તથા વિદ્યાર્થીઓને રાહત સાંપડે તેમ છે.

કોરોના ગંભીર મહામારીને દયાનમાં રાખીને દાહોદ- ગોધરા-વડોદરા વચ્ચે લોકલ મેમુ ટ્રેનનો વ્યવહાર બંધ કરવામાં આવેલ હતો. અને જે પૈકી દાહોદ- વડોદરા મેમુ ટ્રેન શરૂ થયેલ છે. પરંતુ ગોધરા- આણંદ મેમુ પુનઃ શરૂ થયેલ નથી. હાલમાં વેસ્ટર્ન રેલ્વે દ્વારા ૧૩ મેમુ ટ્રેનને ચાલુ કરવાના આદેશ થયેલ છે. જે ખુબજ આવકારદાયક છે. પરંતુ પંચમહાલ અને આણંદ જિલ્લામાંથી ઉદ્યોગમાં નોકરી કરી જીવન ગુજારતા રોજીંદા પાસધારકો મુસાફરો ગોધરા- આણંદ ટ્રેનનો વ્યવહાર બંધ થઈ જવાથી ખુબ હાલાકી ભોગવી રહ્યા છે. ગોધરા થી સેવાલીયા, ડાકોર, આણંદના મુસાફરો પણ હાલ ટ્રેન વ્યવહાર બંધ હોઈ ખાનગી વાહનોમાં જીવના જોખમે મુસાફરી કરી રહ્યા છે. જેનું ભાડુ ખુબજ વધુ હોવાથી જીવન ગુજરાતમાં પણ આર્થિક મુશ્કેલીઓ ઉભી થઇ રહેલ છે. કોરોનાનો અંત વેકસીન આવતા થઈ રહ્યો છે. અને હાલ પુનઃ જનજીવન ધમધમતું થઈ ગયેલ છે. ઉપરોક્ત રૂટના મુસાફરો અને સામાન્ય પ્રજાના હિતમાં ગોધરા - આણંદ મેમુ ટ્રેનને શરૂ કરાવવા અને માસિક સીઝન ટીકીટ આપવાની માંગ કરાઈ રહી છે.

# કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળામાં ICT વર્કશોપ યોજાયો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ આયોજિત ધોરણ ૧ થી ૫ ના કાલોલ, હાલોલ, જાંબુઘોડા અને ઘોઘંબા તાલુકાના ૬૦ શિક્ષકોની તાલીમ યોજવામાં આવી. આ તાલીમમાં તજજ્ઞ મિત્રો દ્વારા શભર્નિ લગતા વિષયોની જાણકારી આપવામાં આવી જેવી કે માઈક્રોસોફ્ટ ટીમ્સ, ગુગલ મિટ, કવિઝ કેવી રીતે બનાવવી, ગુગલ ફોર્મ કેમ બનાવવું અને ભરવું ઉપરાંત ICTને લગતી તમામ એપ્લિકેશન બે દિવસ દરમિયાન શીખવવામાં આવી.આ કાર્યક્રમ નું સંચાલક કિરણસિંહ ચાવડા, ચંદ્રકાન્ત સુથાર (સી. આર. સી બાકરોલ) અને આચાર્ય સતીશકુમાર પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. શિક્ષક મિત્રોના પ્રતિભાવો પણ શભર્નિા માધ્યમ થી ગુગલ ફોર્મ માં લેવામાં આવ્યા હતા. વર્ગની મુલાકાત ડાયટ ના લેક્ચરર ભુપેન્દ્રસિંહ સોલંકી દ્વારા લેવામાં આવી હતી અને તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ગોધરા-વડોદરા હાઈવે પર વ્યકિત ઉપર હુમલો કરતાં ઈજાઓ પહોંચાડતા ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેર વડોદરા રોડ થી બાઈક લઈને પરત ફરી રહ્યા હતા. ત્યારે બાઈક ઉપર આવેલા ત્રણ ઈસમોએ સળીયા વડે હુમલો કરી ઈજાઓ પહોચાડી આરોપીઓ નાશી છુટતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા વાલી ફળીયા-૩માં રહેતા કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે જોડાયેલા કાસમ હુસેન હઠીલા સવારના સમયે પોતાનું કામ પતાવીને વડોદરા રોડ ઉપર ગોન્દ્રા તરફ બાઈક લઈને આવી રહ્યા હતા. ત્યારે મોઢા ઉપર બુકાની બાંધીને બાઈક ઉપર આવેલ ત્રણ ઈસમો એ કાસમને રોડ સાઈડમાં રોકીને લોખંડના સળીયા લઈને મારવાનો પ્રયત્ન ક્ર્યો હતો. દરમિયાન કાસમભાઈને પગના ભાગે સળીયો વાગતાં લોહી લુહાણ કરીને આરોપી ઈસમો નાશી છુટીયા હતા. ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# કાલોલના વેજલપુર ગામે ખેતરમાંથી પસાર થતાં વીજ વાયરના તણખા ઉડતા ઘઉંનો પાક બળીને ખાખ

ગોધરા,

કાલોલ તાલુકાના વેજલપુરમાં શિક્ષક સોસાયટી પાસેના ખેતરમાંથી ઉપર વીજ કંપનીની હાઈટેન્શન લાઈન પસાર થાય છે. જેથી પવન ફુંકાતા ખેતર ઉપરની બે વીજ વાયર વચ્ચે સ્પાર્ક થતાં તણખલાઓ ખેતરમાં પડતા ખેતરમાં તૈયાર થયેલ ઘઉંનો પાક બળીને ખાખ થઈ ગયો હતો. ઉભા પાકમાં આગ લાગતા ખેતર માલિક સહિત આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આગથી એક એકરમાં તૈયાર થયેલ ઘઉંનો પાક બળીને ખાખ થઈ જતાં ખેડુતનો નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો. અગાઉ પણ આ જ ખેતરમાં આવી રીતે આગ લાગતા ઉભો પાક બળી જવા પામ્યો હતો. આમ ખેતર પરથી પસાર થતાં વીજ વાયરના લીધે ખેડુતને બે વાર મહામુલો પાક બળી જતાં ખેડુતને નુકસાની થતાં તંત્ર સામે લોકોનો રોષ ફેલાયો હતો.

# શહેરાના જુની પાદરડી પ્રા.શાળામાં યોગ શિબિર યોજાઈ

શહેરા,


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકામાં જૂની પાદરડી પ્રાથમિક શાળા ખાતે તાલુકા કક્ષાની ત્રણ દિવસની યોગ કાર્ય શિબિર યોજાઇ હતી. જેમાં જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.પંચાલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.વી.એમ.પટેલ ની ઉપસ્થિતિ માં નિષ્ણાત તજજ્ઞો દ્વારા તાલુકાની પ્રાથમિક શાળાઓના ૪૪ તેમજ માધ્યમિક શાળાના ૨૨ શિક્ષકોને અષ્ટાંગ, આસનો તેમજ યોગિક ક્રિયાઓ વગેરેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

શહેરા તાલુકાના જૂની પાદરડી પ્રાથમિક શાળા ખાતે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ તેમજ સમગ્ર શિક્ષા અને શહેરાના સંયુક્ત ઉપક્રમે તાલુકા કક્ષાની ત્રણ દિવસ યોગ કાર્ય શિબિર જૂની પાદરડી પ્રાથમિક શાળા ખાતે રાખવામાં આવી હતી. આ યોગ શિબિરમા ઉપસ્થિત જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.પંચાલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.વી.એમ.પટેલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ ડાયટ પ્રાચાર્ય ડો.હિતેશ એન.દવે, તાલુકા પ્રાથમિક શિક્ષણધિકારી વિનોદ પટેલ બી.આર.સી.કો.ઓર્ડીનેટર ડો.કલ્પેશ આર.પરમાર સહિતનાઓ એ દીપ પ્રાગટ્ય કરીને યોગ શિબિરની શરૂઆત કરવામાં આવી હતી. નિષ્ણાત તજજ્ઞો દ્વારા તાલુકાની પ્રાથમિક શાળાઓના ૪૪ તેમજ માધ્યમિક શાળાના ૨૨ શિક્ષકોને અષ્ટાંગ, આસનો, યોગ ઓલમ્પિયાડ, બૌદ્ધિક, પ્રાણાયમ, મુદ્રાઓ, વિશ્વ યોગ દિન પ્રોટોકોલ, યોગિક ક્રિયાઓ વગેરેનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ના જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.પંચાલ એ યોગ શિબિર મા આવેલા શિક્ષકોને રોજે રોજ સાત મિનિટ કરવાની સાત યૌગિક ક્રિયાઓનું માર્ગદર્શન આપી સૌને પ્રેરણારૂપ ઉદાહરણ પુરૂ પાડ્યુ હતુ. યોગ ની તાલીમ લીધા બાદ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના માધ્યમથી તેમના વાલીઓને યોગનું માર્ગદર્શન આપવામાં આવનાર છે. બી.આર.સી કો.ઓર્ડીનેટર એ શાળા પરિવારના આયોજનને અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કર્યો હતો. યોગ તાલીમ દરમિયાન કોવિડ-૧૯ ની અદ્યતન ગાઈડલાઈન અનુસરવામાં આવી હતી. આ યોગની તાલીમ મા વિપુલ દરજી, ડાયટ લાયઝન ઉમેશ ચૌહાણ, સી.આર.સી.કો.ઓર્ડીનેટર દશરથસિંહ પટેલ, જયપાલસિંહ બારીઆ, પગાર કેન્દ્ર આચાર્ય, બીટ કેળવણી નિરીક્ષક પ્રવિણસિંહ રાઠોડ સહિતના ઓ ઉપસ્થિત રહયા હતા.

# લુણાવાડા તાલુકા પંચાયતની કસલાલ-૮ના ઉમેદવારને ચુંટણી અધિકારીએ દમદાટી આપ્યાનો આક્ષેપ

લુણાવાડા,

તારીખ ૦૨/૦૩/૨૦૨૧ ને મંગળવારના રોજ સ્થાનીક સ્વરાજ્યની બીજા તબક્કાની મત ગણતરી પુરી થયાને માત્ર બે દીવસ જેટલો જ સમય વીત્યો છે. ત્યારે જીતેલા ઉમેદવારો જ્યારે જશન માનવે છે ત્યારે માત્ર ચાર મતો થી હારેલા કસલાલ-૮ ના તાલુકા પંચાયત લુણાવાડાના ઉમેદવાર ભેમાભાઈ નાનાભાઈ પગી નાઓ નો આક્ષેપ છે કે જ્યારે મત ગણતરી હાથ ધરવામાં આવી ત્યારે અમારા પક્ષના કોઈપણ એજન્ટને કે ઉમેદવારને બોલાવવામાં આવ્યા નથી અને બેલેટ પેપરની પેટી મતગણતરી કરતાં અધિકારીઓ દ્વારા મનસ્વી રીતે ખોલી દેવામાં આવી હતી. તે ઉપરાંત માત્ર ચાર મત થી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારને વિજેતા જાહેર કરતાં અમે ફેરમત ગણતરી માટેની અરજી કરી હતી. તે સમયે પણ બેલેટના મત અમને માત્ર ભારતીય જનતા પાર્ટીના બતવવામાં આવ્યા હતા. તે સમયે ત્યાંના અધિકારી એ બધું બરાબર છે અહીં સહી કરી નીકળી જાવ નિકળી જાવ તેવું કહી અમોને ધમકી આપી બહાર કાઢી મૂકવામાં આવ્યાં હતા. તેથી અમોએ મામલતદાર, ચૂંટણી અધિકારી, મુખ્ય ચૂંટણી અધિકારી મહિસાગર અને કલેક્ટર કચેરીએ આવેદન પત્ર આપી અમને ન્યાય મળે તેવી રજૂઆત કરવામાં આવી લોકો મુખેથી વાત જાણવા મળે છે કે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવર પંચમહાલ જિલ્લાના સાસંદ ના પી.એ હોવાથી વર્ચસ્વ જાળવી રાખવ માટે બેલેટ પેપરની રાજકીય રમત રમવામાં આવી રહી છે. ત્યારે કોંગ્રેસ દ્વારા કોર્ટેનો પણ સહારો લે તેવી વાત ચર્ચાઈ રહી છે. આથી સમગ્ર ચૂંટણી દરમિયાન મુખ્ય ચૂંટણીની મદર આ કસ્લાલા બેઠક પર હોવાથી આવો મુદ્દો બનતા સમગ્ર મહિસાગર જિલ્લામાં રાજકીય ગરમાવો આવ્યો છે.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

# કાલોલના મુસ્લિમ બિરાદરો પગપાળા ધંધુકા નજીક ભડીયાદ પીર જવા રવાના



કાલોલ,


ધંધુકા તાલુકાના ભડીયાદ ગામે પીર મહેમુદ શાહ બુખારી ની વર્ષો જુની દરગાહ આવેલી છે. આ દરગાહમાં હિન્દુ-મુસ્લીમના એકતાનું પ્રતીક માનવામાં આવે છે. ત્યાં દર વર્ષે રજ્જબ ૯થી૧૧ ચાંદ સુધી ત્રિદિવસીય ઉર્શ ભરાતો હોય આ વર્ષે કોરોના સંક્રમણ અટકાવવા ઉર્સની ઉજવણી મુલતવી રાખવામાં આવ્યો હતો ત્યારે દર વર્ષે પગપાળા નિશાન લઈ નીકળતી જનમેદનીના બદલે માત્ર ચાદર (ગલેફ) લઈને કાલોલ થી પગપાળા ચાલીને ભડીયાદ જવા રવાના થયા હતા. ધંધુકા તાલુકાના ભડીયાદ ગામે આવેલી પીર મહેમુદ શાહ બુખારીની વર્ષો જુની દરગાહ હિન્દુ-મુસ્લીમોનુ એકતાનું પ્રતીક માનવામાં આવે છે અને આ દરગાહ ઉપર પ્રથમ નીશાન(પરચમ) એક હીન્દુ ભાઈનાં હાથે ચઢાવવામાં આવે છે.આ પગપાળા મેદની રફીકબેગ મીરઝાની આગેવાની હેઠળ દર વર્ષે કાઢવામા આવે છે.

# રસીકરણના ત્રીજા તબક્કામાં દાહોદ જિલ્લામાં વરિષ્ઠ નાગરિકો ર્નિભય થઇને લઇ રહ્યાં છે કોવીડ વેક્સિન

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોનાને નાબૂદ કરવા માટે વેક્સિનેશનના ત્રીજા તબક્કાનો પ્રારંભ ગત તા. ૧ માર્ચથી જ થઇ ગયો છે. ત્યારે આ તબક્કામાં જિલ્લાના ૬૦ થી વધુ વયના વરિષ્ઠ નાગરિકો તેમજ ૪૫ થી વધુ ઉંમરના ગંભીર રોગ ધરાવતા લોકો કોરોનાની વેક્સિન લઇ રહ્યાં છે.

દાહોદના ઝાયડસ મેડીકલ કોલેજ અને હોસ્પીટલ ખાતે કોરોનાની વક્સિનનો લાભ મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકો ર્નિભય થઇને લઇ રહ્યાં છે. આ હોસ્પીટલ ખાતે કોવીડ વેક્સિન લેનારા કેટલાંક વરિષ્ઠ નાગરિકોના પ્રતિભાવો ખૂબ જ ઉત્સાહપૂર્ણ રહ્યાં અને તેમણે રાજય સરકારની આ કામગીરીની પ્રશંસા કરી હતી.



ઝાયડસ હોસ્પીટલ ખાતે વેક્સિન લેવા આવેલા દેસાઇ દંપતિએ વેક્સિન લીધા બાદ પોતાનો અનુભવ જણાવ્યો હતો. ૮૧ વર્ષના બિપિનચંદ્ર દેસાઇએ જણાવ્યું કે, આજે અમે કોરોના વેક્સિન લીધી છે.

મતદારોનો આભાર......
ગુજરાત છે મક્કમ
ભાજપ સાથે અડીખમ


જીલ્લા પંચાયત ચૂંટણીમાં મોટીકાંટડી બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...
વિનોદભાઈ મનસુખભાઈ ભભોરા
મોટીકાંટડી
તા.ગોધરા, જી.પંચમહાલ

મતદારોનો આભાર......
ગુજરાત છે મક્કમ
ભાજપ સાથે અડીખમ


તાલુકા પંચાયત ચૂંટણીમાં મોટીકાંટડી બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...
ભાવુબેન જયેન્દ્રસિંહ રાઉલજી
મોટીકાંટડી
તા.ગોધરા, જી.પંચમહાલ